નવો
હરીસચંદ્ર તારામતી
૨૦૩૧ નાટક

શુધ્ધ ગુજરાતીમાં

જમનાદાસ હરજીવન

ના રચેલો

હીંદુ ગનાન શુબોધક નાટક મંડલી માટે,

દોહીરો

પ્રેમા રૂપી અમરતછે પીઓ જેને હોય પ્રેમ
* સાગર ભરોનીરથકી ગાગરનાની તેમ. *

મુંબઈઃ-

પારસી પ્રીન્ટીંગ પરેસમાં છાપીછે.
મુંબાદેવી રોડ, ચોકસી બજાર.

સને ૧૮૮૪

કીંમત ૮ આના.

પ્રસ્તાવના.

મુખ્ય આ નાટકની વસતુ સાસત્ર ઉપરથી લેવામાં આવીછે તે રામાએન વાલમીકના અરણુવકાંડ ઉપરથી તથા કવી વીસણુવદાસના જોડ હરીસચંદ્ર આખ્યાન ઉપરથી ટુકમાં સાર લઇને નાટકના રૂપમાં લખયુંછે. બીજા પણ ઘણા એક સાસત્ર અને પુરાણમાં હરીસચંદ્રની કથા વેણુવીછે તે ઉપરથી મારૂં મતી ગ્નાન પ્રમાણે લખીને ત્યાર કરીયું છે, તે મેં રચીને હીંદુ ગ્નાન શુબોધ નાટક મંડળીને અરપણ કરીયુંછે એ રચનાર એક કોમન ગુજરાતીનો અભોઆસીછે, તે સરવે કવીજનોને વીનતી કરીને આ પુસતક અરપણ કરેછે તે ઉપર ધ્યાન લઇને ઉતેજન આપસો એવી અસા રાખેછે.

નાટકના પાત્ર.

ઇન્દ્ર ....સ્વરગ લોકનો રાજા

હરીસચંદ્ર...............અયોધ્યાનો રાજા

તારામતી...............તેનીસ્ત્ર

રોહીતાસ્વર ....હરીસચંદ્રનો કુમાર

સત્ય કીરતી............તેનો પ્રધાન

શુરસેન ....તેનો સન્આપતી

વીસવામીત્ર ....એક રૂસી

વસીસ્ટ.................એક રૂપી હરીસચંદ્રનો ગુરૂ

નારદ ....એક મુની

અગ્નીસેન...............એક બ્રામણ

નક્ષત્ર ....એક વીસવામીત્રનો દાસ

સંકર શુંદર શીવ ......બ્રામણના પુત્ર

શીકારીઓ કનચુકી પરીઆં દરબારીઓ સીપાઇઓ વગેરે

ઈસ્વર પ્રાથના

કલાવતનીઓ

(બનજારા) એ રાહ

અમે બાલ મલી ગુણ ગાયે- પ્રભુ પડીએ તાહારે પાએ
તુ કરજે અમારી સાયે- વધારજે બાલ મહી માએજી
પ્રભુ ગુણ અમે તારા ગાયે —પ્રભુ
ગજ ગ્રડનો બધની વારો- રાયહી રાણા કર પમારોજી
ઉગારો દાસ વધારો મહી માએ —પ્રભુ
ધ્રુર પતીના ચીર તે પુરા- કાલા ગ્રડમા પડ વઉ ગારાજી
દાસ જાની બેઠા રથ માંએ —પ્રભુ.

ઈસ્વર સતુતી

સરવે મલીને

(પ્રભુ મેહર કર) એ રાહ

પ્રભુ વીસવ કરતાર- તમો દીન દયાલ
બુધી ધારા તારા- નાહીલીએ અપાર —પ્રભુ
ભરીયુ જુગત ધામ- ખાલી નડી કોઇ જામ
કામ અદ ભુત કીધ- પ્રભુ તે નીરધાર —પ્રભુ
છોજી દીન દયાલ- જાણીતા અપાર-
નમન કરીએ તુજને- નમ વારાં વાર —પ્રભુ
અમને તુજ આધાર- આપો હસરી તાર
હીમત આપો અમને- કરજો હમારી સાર —પ્રભુ

અંક પેહેલો પ્રવેસ પેહેલો
સ્થલ ઈંદ્રની દરબાર

સબજપરી **ગાયન**

(બનજારા) એ રાહ.

તમે દેવન રક્ષક આ ધારા- દીલ છીનવી લીઓછો પ્યારા
આપ દીલદાર છો અમારા- અમને છે શુખ દેનારાજી
છો તમે રક્ષક અમારા —દીલ
આ સભા તારી બહુ સોભે- દીલ મારૂ જોઇને લોભેજી
સદા બીરાજો શુખ દેનારા —દીલ
શુરીય ચંદ્ર સભામાબેઠાછે- અગની દેવ પ્રવેસ કરેછેજી
અમ રાજા સભામા પધારા — દીલ
જોઇ સભા તારી શુખ પામે- મંડપ જોવાને સઉ આવેજી
છે નવા નવા રંગ ચલ કારા- —દીલ
સીંગાર તારો જોઈ જોઇ- મન મારૂં રહુછે મોહોઇ
આપછો અમારા પ્યારા- —દીલ

લાલપરી **ગાયન**

ગજલ (મરડાલસા જેવી કોઈ પ્રથવીમા નહી)

આપ રાજા છો સરવના- દેવના પતી
દેવના પીએજીછો- દેવના પતી —આપ

દેવ દુખ હરોછો આપ. રક્ષેણ સરવનું કરનાર
ઇંદ્રણી છે રાણી જેની- સ્વરે પેઅતી —આપ
પ્રકાસ તારો જગત વીસે, સઉ જાણેછે સાર
હું સભા તારી જાઇને- આનદ પામતી —આપ
આસભા જોઉ તારી- જાઉ બલ હારી
આસા પુરોજો અમતણે- રહે ચરણે મતી —આપ

લીલમપરી ગાયન

(ગઇ એય બે એક નહવા પલટ) એ રાહ

શુભ આસમો શુખનો દીશે- સભા તુજતણી ખીલી રહી
સામભા જોઈ બેહોસ થઈ- શુધ મારી વીસરી ગઇ —શુભ
રાખોછો અમપરમેહર રાયજી- કરોછો અમારી સાયજી
સઉ ગુણ તારા જોઇનેજી- જગતમા કીરતી ફેલાય રહી શુભ
સુરીઅ ચંદ્રથી સોભા ઘણી- બેઠોછે તુ સભા ભરી
તે જોઇ જાઉ વારી વારી- ધરજો દીન ઉપદયા સહી—શુભ

સબજપરી ગાયન

હોરી

પાય લગુ કર જોડી- સાયમ મારા ના ખેલો તમે હોરી
ગાય ચરાવા નીકરીહુછું- સાશુ નણ દરની ચોરી
ચુડડી મારી રગમાં ભોજોવી- વાત સાંભલો તમે મારી—સાય
છોડવી મારી હાથથી ગાંગર- જોરથી હાથ મરોડી
મારૂં દીલ ધડકેછે સાસ ચડેછે- મારી મહીની મટુકી ફોડી સાય
અબીલ ગુલાલ મારા મુખપર નાખો, સાડી રંગમાં બોરી
શાશુ હજારો ગાળો દેશે, મારા પ્યારા મને દો છુટી—સા

ફાગ ખેલો તમે મોહન, શી ગત થાસે અમારી
પએ પડીને હાથ જોડું છું, હવે જાવા દીઓ મોરારી—સાય.

(વસીષ્ઠ પ્રવેશ કરેછે)

ઇન્દ્ર—માહાન રૂસી વસીસ્ટ આપના પધારવાથી મને ઘણો આનદ થયોછે બીરાજો! આ આસને (વસીસ્ટ બેસેછે)

વસીસ્ટ—ઇન્દ્ર સદા તુ આનદમાં રહે ને તારી જય જય થાવ એવો મારો આસીરવાદછે. (વીસવામીત્ર પરવેસ કરેછે)

ઇન્દ્ર—રૂસી વીસ્વામીત્ર હું આપને વંદન કરૂં છું.

વીસવામીત્ર—ઇન્દ્ર હું વીસવામીત્ર રૂસીછું તે તું સમજેછેકે સરવે રૂપીઓમાં અચલ અને પ્રવીણી થઇ આવયોછું મેઉગરત પકરીઊછે અને શકરે મને ઘણી શકતી આપીછે તે શું તું જાણતો નથી. મારી ઇછાની સામે કોઇ થઇ શકે એવુંછે હુ ધારૂંતો બ્રમાહને બાલીને ભસમ કરૂં એટલુંજ નહી પણ ત્રમુરતી બ્રમાહ અને વીસણુ અને મહાદેવ એને પણ હું ધારૂંતો રોલી નાખું જે મને કોપાવે તેનો હું નાસ કરવાવારોછું, ને રીજાવે તેનો હું પ્રતીપાલછુ મારામાં સરવે પ્રકારની શકતીછે એવો હું રૂસી વીસવામીત્રછું.

ઇન્દ્ર—માહાન રૂસી વીસવામત્ર ઉગ્રત પકરવામાં આપની બરાબર કોઇ થઇ શકે એવું નથી આપ મુલમાંતો રાજા છો પણ રૂસીપદ મલવા માટે રાજયનો ત્યાગ કરી યુગનાયુગ વહી ગયા તોપણ આપતો મેહેરૂ પરવતના ગુફામાં ધીઆન ધરતા બેઠા હતા તો આપ સરવે શકતીવાનનો

કોપ ઉપજાવવાને ભયે ઉપજે તેમાં શી નવાઇછે રણખેત્રમાં જયે મેલવેછે તેમાં કાંઇ શુરવીર કહેવાએ.

વીસવા મીત્ર અહો દેવતાના રક્ષકતારી બીક અશુરોના નાઅક મા થાવ એવો મારો આસરવાદ છે

ઇદ્ર—અહો માનરૂસીઓ આપનામા ઇસવરી સકતીછે તેથી આપ આખા બ્રમાડમા ફરોછો અને કોઇસ્થળ તમારાથી અજાણીઉ નથી તોહમત મારાથી જાણવા ઇછુંછુંકે હાલમા ધરમનો જાણવા વારોને નીતી રાજ્ય ચલાવનારો કહો રાજાછે.

વસીસ્ટ—આહો દેવ પતી એવોતો અઓધ્યાનો રાજા હરીસચંદ્રછે તે સરવે પ્રકારમા સપનછે એ એક મારે સીસછે તેણી ઉપર દેવતાની કરપાછે

ઇદ્રિ—ઓ હો એમછે તે સાભલી મને ઘણો આનદ થયોછે એવા રાજાસરીખા આપનો સીસ થવા લાયકછે.

વીસવામીત્ર [ક્રોરધમાન થઇને] બહુ સારૂ બહુ સારૂ ઇન્દ્ર તું પણ એટલો સેહલાઇથી ભોલવાઇ જાએછે હરીસચંદ્ર જેવો ધાતકી ને જુઠા બોલો કોઇજ નથી તે શું તું જાણતો નથી જેમાં ધરમનો તો લેસ નથી વશીસ્ટ તારામાં પણ ધરમનો લેસ નથી કે આ દેવતાઓની સમક્ષ ખોટા તડાકા મારવાની હીંમત કીધી.

વસીસ્ટ—વીસવામીત્ર તારા અધટીત બોલે તારૂં દુરભાગ્ય થાએછે માટ તારૂં બેકાઇ ગએલું મન વસ રાખવાને હજી તારે શીખવાનુંછે માટે તારા અધટીત બોલ પાછા સુધારી લે કે હરીસચંદ્રને અપમાન થાએ નહીં માટે તું તારા બોલ સુધારીને ખરૂં બોલ.

વીસવામીત્ર--વસીસ્ટ જે ખરૂં હોયતે કેહેવાય ધરમીક હોય તોતે ધરમીક કેહવાય અને જે હરીસચંદ્ર વીસેની જે ખરી રીતભાત હતી તે મેં કહી તેમાં એટલોબધો ખીજવાઈ સાનો જાયછે શું તારોશીસ સમપુરણજ હોવો જોઈયે જા ધીકારછે તને કે આ સભામાં આવીને અસત્ય બોલીઓછે તેમ મસટક ફાટીને ચુરણ થજો.

વસીસ્ટ—મારૂં કેહવુ સત્યછે ને તુંને ખાતરી ના થતી હોય તો તે સીધ કરી આપ કદી પુરૂથવી પેહેલે થાય અથવા આકાસના તારા આઠમી જાય પણ હરીસચંદ્ર જુઠું બોલે નહી.

વીસવામીત્ર—તારામાં પણ સત્યનો લેસ નથી જા તું પણ નીરલજ્જ છે તારી વાત કદી માનવામાં નહી આવે, હરીસચંદ્ર જુઠું બોલતો આવીઓછે ને હજીપણ બોલશે જો તેનું ફલ તુ જોવાને રાજી હોયતો સતવર દેખાડું.

વસીસ્ટ—જા જા ગંડુ વીસવામીત્ર આંથી ખીસતો રેહે કાંઈ તું એમ સમજેછેકે શીઆલીઆના બીવરાવીઆથી સીંહ બીહીજશે બેસ બરાડા પાડતો ચુપ.

ઈન્દ્ર—અહો માહનરૂશી દેવતાવો સાંત થાવ સાંત થાવ જયારે તમારા જેવા રૂસીઓ કજીઓ લડાઈ કરશો તો તેનું સમાધાન કોણ કરશે તમે તમારા મનવીકારમાં મસ્ત છો તે તમારી ચાલની નીચ લોકોમાં હસી થશે માહનરૂસી વીસવામીત્ર વસીસ્ટ તમારો કરોધ શાંત કરો.

વીસવામીત્ર—ઈન્દ્ર તું એમ સમજેછે કે હું વસીસ્ટનો બીવરાવયો બીહી જાઉં.

ઇન્દ્ર—બહુ થયું રૂસીરાજ બહું થયું, સાંનત થાવો તમો બેહુમાં કોણ સાચુંછે અને કોણ જુહુંછે તે વીશે હમારે કેહવાનું કાંઇ કારણ નથી પણ આ કામનો નીવેડો કરવાની એક સરત બકવી જોઇએ તે જીતે તે સાચો ઠરશે ને આ દેવતાની સમક્ષ ઘણું માન મલશે.

વસીસ્ટ—ઇન્દ્ર તમે કહયું તે મારે માન્યછે ને મારો શીસ હરીસચંદ્ર કદી જુહું બોલીઓ હોય અથવા હવેપછી બોલે તો મારૂં જે આખા ભવનું તપસચરીઆ કરીછે તેનું ફલ વીસવામીત્રને જાયે.

નારદ—કેમ રાજયરૂશી વીસવામીત્ર આનો શું વીચારછે.

વીસવામીત્ર—ઠીક કજીઓ કરાવનાર નારદ તું એમ સમજેછેકે તારે આ વસીસ્ટની પેઠે ખોટી બકબક કરવીછે કે જો સાંભલ હરીસચંદ્રની પાસે ખોટું બોલાવું નહીં ને ધરમના મારગ છોડાઉં તોડાઉં નહીં તો મેં જુગેજુગમાં ઉગરતપ કરયુંછે તેમાંથી અરધું તપ વસીસ્ટને જાયે હવે હું જાઉંછું. (જાએછે.)

અંક પેહેલો પ્રવેશ બીજો.

સ્થલ વનમાં રૂસીનું આસરંમ.

વનવાસી—(આસરમ પાસેજતાં) અરે અરે ભાઇ રાજા ઉપર દુખ પડવાનુંછે તેનો વીચાર કરતા મારૂ હરદે ભરાઇ આવેછે પણ શું કરીએ જે આપણથી આસરો આપી સકાએ નહી એટલે લાચારછે.

બીજો—ભાઇ એમાં આશચરીય પામવાનું નથી આ દુની આછે તે દુખીજછે.

ત્રીજો—એ વાત ખરીછે જેનામાં ધરમછે તે દુખીજછે અને જેને જમમનો ફેરો ટલીઓ તે સુખી કહેવાયછે. ધરમીત માણસ પોતાનો આતમા ઓલખી શકે તોજ જગતના આતમાને જાણી શકે.

ચોથો—તેં વાત ખરી કહી પણ મનેતો તેનો ખેદ ઘણો થાયછે પણ શું કરૂં કે નીરઉપાયછું.

પેહેલો—ભાઇ જેમ આપણો ઉપાય નથી તેનો સોચ ન કરતાં ઇશવરી ઇછા વીચારવી એ વધારે સારૂંછે ચાલો હવે વીસવામીત્રની પાસે જઇએ નહીતો આપણે દેખશે તો વલી કરોધમાન થશે (આસરમ પાસે જાયેછે).

મહારાજ વીસ્વામીત્ર હું તમને વનદન કરૂંછું.

વીસવામીત્ર—વનવાસીઓ તમે શું કરી આવીઆ.

વનવાસી—હમે આપણા કેહેવા પરમાણે રાજા હરીસચંદ્રને સરવે વ્રતાંત કહયો ત્યારે ખુશી થઇને કહયું કે જેટલુ સોનુ જોઇશે તેટલું આપસ તેથી મહારાજ આપ પધારો.

વીસવામીત્ર—એમકે તારે તમે તમારે આસરમે જાવ તમે મારૂં એટલું કામ કરીયુંછે તેથી તમે શુખી થાઓ. (વનવાસીઓ જાયેછે) હા હવે હરીસચંદ્ર મારી સતાને સવાધીન થશે, એવી મારી ખાતરી થઇછે અને જુઠું બોલશે એવું મારા ધીઆનમાં આવેછે.

અંક પેહેલો પ્રવેશ ત્રીજો.

સ્થલ હરીસચંદ્રની દરબાર.

ચોપદાર—મહારાજા ધીરાજ હરીશચંદ્ર મહારાજને ઘણી ખમાઆય.

ગાયન.

કલાવતની કારવો.

હરીસચંદ્ર તારી સભાની, ખુબી ખીલી રહીછે
ખુબ ખીલી રહીછે, ખુબ ખીલી રહીછે. હરી.
કીરતી તારી સારી, દુનીઆમાં બહુ ભારી
કહું શું મુખે, જાઉં વારી વારીરે. હરી.
ચંદ્ર સશીથી, અધીક શોભા વધેછે
શું કહું મુખથી, હું વખાણીરે હરી.

વીદુસક—મહારાજ આતો મારી ઉપર મોહીત થઇછે, પણ હું આ પાંખવારી સતીને શું કરૂં, મારે તો જોઇતી નથી.

પ્રતીહાર—મહારાજ બારરૂશી વીસવામીત્ર પધારીઆછે.

હરીસચંદ્ર—પ્રતીહાર તેને આદરમાન સહીત પરવેસ કરાવ

(વીસવામીત્ર પ્રવેસ કરેછે.)

માહાનરૂશી વીસવામીત્ર આપને વદન કરૂંછું.

વીસવામીત્ર –તારૂં સદા કલ્યાણ થાવ.

વીદુસક–મહાજ પાય ભાગુછું.

વીસવામીત્ર–ભવ ભાસણી ભવ.

વીદુસક–મહારાજ મારે ત્યાં હાલાં ભાગાં નથી ભાગસે એટલે મોકલી દેઇશ.

હરીસચંદ્ર–મહારાજ રૂસી વીસવામીત્ર આપ અજ્ઞાન કારીઅ સારૂ મારી પાસે સોનું લેવાને આવીયા તેથી હું કતાર થયોછુ દાન દેવું એતો સેલછે પણ પાત્રદાન થાય તો ખરૂં કેવાય આપના જેવા તપસીઓના કામ આવેતો ભાગ્ય જોગજ મલે પણ મારાજ આપને કેટલું સોનુ જોઇસે.

વીસવામીત્ર–દાન કરવામાં તારા જેવો કોઇ નથી તારી ઉદારતા બલીના જેવીછે પણ મારે કાંઇ સોનુ વધારે નહી જોઇએ એક હાથી ઉપર માણુસ ચડી એક ગોફણનો ગોલો ફેંકે ટેતલું જોઇસે પણ મારે તેનો ખપ હમણાછે હો.

હરીસચંદ્ર–આપણી ઇછા પ્રમાણે આપવાની હું ત્યારી કરૂછું (પરધાને) સત્ય કીરતી સતવર આહીં એક હાથી મગાવે (અને ખજાનચીને) ખજાનચી આપણો ખજાનો ખુલો મુકો

સત્ય કીરતી–માહારાજ જેવી આપની આજ્ઞા.

વીસ્વામીત્ર–હરીસચંદ્ર સબુર, સબુર દાન કરવામાં તારી એટલી ઉદારતા જોઇ મને હરસ થયોછે પણ અગ્ન નો પારંભ કરવાને હજી થોડી વારછે માટે એટલીવાર સોનુ તારા સવાધીનમાં રેવાદે.

હરીસચંદ્ર–બહુ સારૂં માનરૂશી જેવી તમારી આજ્ઞા, હું મારી પાસે રાખું છું જે વખતે આપને જોઇએ તે વખતે હાજર કરીસ (વીસવામીત્ર જાયેછે).

(ખેડુતો પરવેસ કરેછે.)

ખેડુતો—તરાહી, તરાહી માહારાજ બચાવ કરો, બચાવ કરો.

હરીસચંદર—રાજભગત ખેડુતો તમને શું દુખછે કે એટલાબધા શોકાતુરછો.

ખેડુત ગાયન.

લેલી લેલી પોકારૂં હું બનમે.—એ રાહ.

મારાજ સાંભલો ધરી ધ્યાન, વલી ગયો અમારો ગાણુ
ખરૂં ધન્ય અમારૂં જેહ, ખેતવાડી જમીન એહ
તેને વીખરીને જંગલી પરાંણી, વાલી સરવે કીધું ધુળધાણી
ઉખેરી નાખે જમીનના ઝાડ, તેમાં કોઇ ન લે અમારી દાદ
મારાજ કરો હમારી વાર, જલદી જઇને વારોની ધાર
છે દુખી હમે તારા બાલ, માટે મહારાજ કરોની વાર.

હરીસચંદર—મારી પરજાઓ તમે દુખી ન થાઓ હું આ વખત જઇને તેને હાંકી કાઢુંછું; મારા વાહલા ખેડુતો તમે કઈ ચીંતા નહી કરશો હું હમણાજ આવી તેનો નાશ કરૂંછું મારા સુરા સન્યાપતી આપણા શીકારી તથા સન્યા તઇઆર કરો.

સન્યાપતી— જેવી આગ્ના મહારાજ (જાયછે).

હરીસચંદ્ર—પ્રધાનજી હું એકદમ લસકર લેઇને જાઉંછું. તમે લશકર લેઈ રાણીને શાથે લેઇ મારી પછવાડે અવજો.
(જાયછે.)

અંક પેહેલો પ્રવેસ ચોથો.

થલ હરીસચંદ્રનું લસકર.

શરદાર **ગાયન.**

ચાલો સીપાઇ સરદા ભાઈ
જુધ મચાવો આપણે જાઇ
મારી કાપી કરો લડાઇ
બાંધી કમરને ચલો સઇ —ચાલો.
હથીઆર હાથ ધરો
શંહાર શત્રુનો કરો
આશ પાશ ફરી વરો
ધરો અંગમા જોર ખરે ખરો —ચાલો.
જુવો હાથી શામે ફરે
શત્રુ દોદા દોડી કરે
આવે સપાટામાં તો મરે
કરેછે શોર બકારે અરે —ચાલો.

(જનાવરને મારેછેને હાંકી કાડેછે.)

હરીસચંદ્ર.

શીકારીઓ શાબાશ શાબાસ આજ તમે મારી ખાતરી પુરવક કામ કરીગ્રછે અને આપના સરવે દુસમનો નાસ થયા

છે ચાલો હવે આપણે આપણા લશકરને જઇ મલીએ ને રાણીની ભેટ લેઇએ.

(છાવણીમાં જાએછે.) (શીપાઇ પ્રવેસ કરેછે.)

સીપાઇ—અહો રાજા તમારા લશકર ઉપર ઘણોજુલમ ગુજરેછે. તેનો હું તમોને જાણ કરવાને આવીઓછું એક ભારે જોરાવર રાસક્ષની જુડ કરીને આવીઓછે ને અમે એવો કોઇ દીવસ પણ રાક્ષસ જોયો નથી એક તાડ શરીખો લાંબો અને વીકરાલ શરૂપ જોઇને અમેતો બીઇને મરીએ છીએ એના કોપની આગલ માણસ તો શું પણ દેવ પણ ઘણા બીધાછે તે આપણા શેહેર ઉપર આવીને પડીઓછે તેથી આપણા લશકરના સરદારો મારીઆ ગીઆછે.

હરીસચંદર—ભાઇઓ તમે બીશો નહી જીઆંલગી મારી ઉપર વીસ્વનાથની કરૂપાછે તીઆંલગી હું મારાં લશકરને કદીપણ દુખ પડવા દેનાર નથી કહી દશા ઉપર રાક્ષસ ઉભેલોછે તે કહે.

સીપાઇ—મારાજ આહીથી કંઇ ઘણું દુર નથી. આ પેહેલું જંગલ સામેછે તે ઓલંગીને જાયે તીઆં પાહડ જેવો દેખાયછે તેજ તે રાક્ષસ ઉભેલોછે.

હરીશચંદર—ભાઇઓ શબુર કરો ગભરાશો નહી હું આજ કાલ તેને બાણ મારીને નાશ કરૂંછું. (બાણ મારેછે) અને રાક્ષસ પડી જાએછે.

ગાયણ.

ગીતી.

વનમા નીલમર જલ ભરીજી તે શરવર પણે શોભતું
ફુલના તરૂ જોઇને મન માહારૂં લોભતું
ઘણું ઉજડ આ બગમાં બનીઉ ઉપના ઘણું બીરાજતુ
જાણે બગશમાન રઇ અતી બીરાજતુ.
દેવકે દેવે આગના નીઆવજા હસે અ સ્થળ વીશે
ઘણું ચમતકારી આ જંગલમા મગલ દીશે
શોભતાં અતી ઓપતાં જલ વીશે કમલતો રહયાં
જુવો ધવલલાલ કાલા કમલતો ખીલી રહા
દીસે ઘણી કમોદની પત્ર મખમલ શમથઆં
તે ઉપર જલબીનદુ પડે તે રતન જેવા શોભીરીઆ
આ ખરા મધીઆનમાં પણ સુરીએનો કીરણો અશત થયો
કરી શકતો નથી હેવો તાપ પણ સીતલ બન્યો
માડવો બંધાઇ રીઓછે ચાલો હવે આ શામો બંગલો દેખા
એછે તીઆ જાઇએ

[જાએછે]

અંક પેલો પ્રવેશ પાંચમો.

સ્થલ બંગલાની અદરનો ઓરડો.

હરીશચંદ્ર (પલંગ ઉપરથી એકદમ ચમકી ઉઠેછે.)
પીઆ હવે શવાર પડીગીઉ તેથી ઉઠ અને આજ રાતના

શપનાનુ શરવે વરતંન કહું ને શાભલ અરે અરે શપનુ અશુચકછે તેથી મને ઘણી બીક લાગેછે.

તારામતી—પ્રાએ મારા જીવનો રખશક મારા પરાણના આધાર તમે હાવા વીચાર ભરેલા દીલમા કેમછો.

હરીશચંદ્ર—મારી પ્રાણા પ્રીઆ આજ રાત્ર મને શપનુ લાધુ તે અશુભછે તેથી તારી આગલ કેહેતાં તરાશ ઉપજે છે તેનો ઘણો ઉડો વીચાર કરતા મારી છાતી ઘણી ગભરાઅછે પણ તે સ્પનાનો અરથ મારા સમજમાં બરાબર આવતુ નથી.

તારામતી—પ્રાણ પતી સ્પનાનો ભેદ આપના શમજવામાં નથી આવતો તો મારા શમજવામા કેમ આવી શકશે માટે આપણા મુખ્ય પરધાનને બોલાવો કે તે ઘણો શમજુ છે તેથી શરવે આપનો ભેદ કેસે.

હરીશચંદ્ર—પ્રતીહાર

પ્રતીહાર—માહારાજ શી આગનાછે

હરીશચંદ્ર—આપણા શત્ય કીરતી પરધાનને બોલાવીલાવ

(પ્રધાન પ્રવેશ કરેછે.)

શતીએ કીરતી આજ રાત્રી અમુને જે શપનુ આવીઉછે તેથી મારો જીવ ઘણો ગભરાઅછે તેનો ભેદ તમે કેઇ શકશો

સત્ય કીરતી—મહારાજ મારી અલ્પમતી પોંચસે તીઆં સુધી હું ભેદ પ્રગટ કરીયા વીના નહી રહું.

હરીસચંદ્ર—તીઆરે સાંભલો.

ગાયન.

ઓખાહરણની રાહ.

પીતા મારો પામીઓ મરણ, બેઠો જઇ હું રાજ આસન
સ્ત્રી પરણીઓ હું પાંચ, તીઆરે થોડીએક થઇ વાર
એક સ્ત્રી જોગીને મેં આપી, બીજી સ્ત્રી તેની સાથે ભાગી
બાકી રહી તેમાંની ત્રણ, એક નાસી ગઇ તજીને પામી મરન
એક થઇ આંખે અંધી, ગઇ તજી મારૂં સુકન સાંધી
બાકી રહી એક મુજને વલગી. નહી થઇ મુજથી અલગી
એટલે આંખ મારી ઉંગડી ગઇ, એ કેવું સવપનું છે સઇ.

(સત્ય કીરતી દીલમાં વીચાર કરેછે.)

સત્ય કીરતી–સાંભળો મહારાજ પેહલી સ્ત્રી તમે જોગી ને આપી તે તમારી અહુધ્યા નગરીછે તે એક જોગીને તમોએ આપી તેથી બીજી સ્ત્રી તે અહુધ્યાની રાજગાદી તેપણ તેની સાથે ખોહી બેઠા એટલે બીજી સ્ત્રી પણ ગઇ ત્રીજી સ્ત્રી તારામતી તમારી સમક્ષ બેઠીછે તેનાથી પણ તમે વીખુટા પડશો, જે સ્ત્રીને અંધાપો આવીયો તે તમારીથી વીખુટી પડતાં અંધી કેવાસે તેજ, ને ચોથી સ્ત્રી તમારો પુત્ર રોહીતાસ્વર તેપણ તમને તજીને જશે ને અસરંવ તમારો ત્યાગ કરશે. એક સ્ત્રી તમારી જે સત્યતા તે તમારી સાથે ચોંટીને રેહશે. અરે અરે ઓ પ્રભુ તારે શું મારા રાજાને એવું દુખ પડશે શીવ શીવ પરમેશ્વર સ્વપના ઉપરથી મારૂં દીલ ઘણું ગભરાયછે મારો કંઇ વીચાર બેસતો નથી.

હરીસચંદ્ર--સત્યકીરતી આ કાયા ક્ષણભંગુછે તેથી તેનો સોચ કરવો નહી ચાલો આપણે છાવણીમાં જઇએ (સરવે જાએ છે).

(અંક પેહેલો સમાપ્ત.)

અંક બીજો પ્રવેસ પેહેલો

સ્થલ વીસવામીત્રનો આસરંમ.

વીસવામીત્ર–(મન સાથે) અરે આ સીયો ચમતકાર કે પેલે વખત જંગલી પ્રાણીઓને મોંકલીઆં તે પણ મરી ગયાં ને તે પછી મહા જોરાવર રાક્ષસ તેપણ મારીઓ ગયો પણ હવે મારે કાંઇ બીજો ઉપાય કરવો જોઇએ હવે મારી માયાથી અપસરા ઉતપન કરૂં કે તે ગાયન કરીને તેનું મન પીગલાવી નાખે તો પછી મારી આસા સમપુરણ થાયે.

(ધ્યાન ધરેછે ને બે પરીઓ ઉપરથી ઉતરેછે.)

અપસરાઓ–માનરૂસી વીસવામીત્ર અમારા સરખી તુછ દાસીઓને શી આજ્ઞાછે જે હોય તે કહો.

વીસ્વામીત્ર--કુમારી આજથી તમારી બરોબરી કોઇપણ કરી શકસે નહી એવું હું તમને વરદાન આપુંછું માટે તમારી નરત કલા તથા સગીત સાસત્રમાં તમે સમપુરન થશો

હવે તમે જાવ હરીસચંદ્રની પાસે નરત કરીને તેને રીઝવીને પછી તેના તુસટીદાનમાં તેનું રૂપેરી છત્ર માંગી લેજો જો તે ન આપે તો તમે તેના અંતસપુરમાં દાખલ થવાની માગણી કરજો એ રીતે કરીને મારી પાસે આવજો.

અપસરાઓ—જેવી આગ્ના મહારાજ જેમ હમારાથી તમારી પ્રસનસા વધસે તે રીતે વધારશું હવે હમે રજા લેઇએછે.

(અગ્ન લેઇને જાયછે.)

અંક બીજો પ્રવેસ બીજો.

સ્થલ હરીસચંદ્રની છાવણી.

અપસરાયો ગાયન

કારવો.

તારૂં જોબન જગતને ભુલાવેરે
ભુલાવે ભુલાવે ભુલાવેરે. તારૂં.
છેલ છબીલો બની ઠની બેઠો
તેમાં લપટાણું મન મારૂંરે તારૂં.
હસી હસી ઘુંગટ ખોલું તુંજ પાસે
ફરી ફરી જાઉં તુંજપર વારીરે તારૂં.
ખુસીથી બોલો તમે રાજા
કરો હમપર મેરબાનીરે તારૂં.

આપો જોબનકેર દાન
માગુછું હું તો લાગી પાએરે   તારૂં.

અપસરાઓ ગાયન

ગજલ.

અહો રાજા તું પર, વારીજાઉં વારીજાઉં
પ્રીતી તારી પાલવા હું ગુણ તારા ગાઉંરે   અહો.
હું રાજી રૂદેથી થઇ, સુંદર સ્વરૂપતા જોઇ
પાસ તુંજ આવતાં અંહી તેથી સંતોસ પામુ સહી—અહો.
મન મારૂં વ્યાકુલ થયું, દીલ તુંજ પાસે રહયું
તારા પ્રેમથી બંધાઇ ગયું ક્યારે દીલને સાંત દીઉં—અહો.
કરે મારૂ ચીતને ચોરવા, ચંચલાઇ તો કરે
ઉનમત ક્યાંએ સમાય નહી, જાણે ઝડપીને લઉં—અહો.
હવે બસથીઉં વાલમા જલદી ત્રપત મારૂં દીલ કરો
પડી પાયે માંગું એટલું, મુજ રદેમા સમાઉં—અહો.

હરીસચંદ્ર—સબુર સબુર હવે તમારે અતિસે પરીસરમ લેવો નહી એતો મારી ખાતરી થઇછે કે તમે સગીત સાસ્ત્રમાં સમપુરણછો પ્રધાનજી આ કલાવતનીઓને અલંકાર તથા પોસાકતુસટી દાનમાં આપો.

સત્યકીરતી—જેવી આજ્ઞા મહારાજ.

અપસરાઓ—મહારાજ અમને એનીતો કસી દરકાર નથી પણ સુરીયવસના રાજા તું જે છત્ર નીચે બેસીને જગતની ઉપર રાજ્ય ચલાવેછે તે છત્ર અમને આપો.

સત્યકીરતી—એ સ્ત્રીઓ તમે જે માંગીઉં તે રાજમાંની

એક વસતુછે તેથી તમે તે માગતાં એક મોટો ગુહનો ક રીઓછે પણ તમને અગ્નાન જાણીને જાતાં મુકુછું.

અપસરાઓ—બહુ સારૂં મહારાજ આપ અમને એ નહી આપી શકો તો કાંઇક અમને બીજું માંગવાની આગ્ના આપો પરેમ મહારાજ પરેમ.

સત્યકીરતી—અરે સ્ત્રીઓ આવા મહા પ્રતાપવાન રાજા પાસે આ અયોગય માંગણી કરતાં કાંઈ સરમ નથી લાગતી સોનું ઝવેર કપડાંલતાંની કાંઇ અંહી ખોટ નથી પણ આવા અયોગય વચન માન રાખવામાં આવસે નહી.

હરીસચંદ્ર—પેહરાગીરો આ સ્ત્રીને આંહીથી દુર કરો.

(પેહરાગીરો ધકા મારીને કાડે છે.)

(વીસવામીત્ર પ્રવેસ કરેછે.)

માનરૂસી વીસવામીત્ર હું આપને વદન કરૂંછું આપ એ ટલાબધા કરોધમાન કેમ દેખાવ છો.

વીસવામીત્ર—એ પાપી વેગલો રેહ મારા ચરણને અડીને અપવીત્ર કરીસ નહી નીરઅપરાધી પશુ પક્ષીનો ગાણ વાલી નાખયો અને રૂસીઓના આસરમમાં ગડબડાટ કેમ મચાવી રહયોછે તેં એ બીચારી ગરીબ સ્ત્રીને અપમાન કરીને બહાર કાહડી અને તેના દીલ દુખવીયાં, પ્રજાનાં પીડનારા એ અબલા બીચારી નરત કરવા અજાણતાં આવી તેને તીરસકાર કરી કાઢી હવે ફોડ તારી આંખો ને જો.

હરીસચંદ્ર—માનરૂસી મહારાજ જરા સાંત થાવ સાંત થાવ, મારા જેવા ગરીબ પ્રાંણી ઉપર કોપ કરવો ઘટીત

નથી પણ જે રાજાના તાબાનો દેશછે તેનું રક્ષણ કરવુ એ રાજાનો ધરમછે તે સરવ આપણાથી અજાણીઉં નથી તો જયારે પશુ પક્ષીઓએ એયોધ્યાનો નાસ કરવા માંડી ઓ તો મેં તેનો નાસ કીધો તે મેં મારો ધરમ વીચારી યો અને વલી એ સ્ત્રીઓએ મારૂં છત્ર માંગયું તો એ એ ક રાજનું ચીનછે કે છત્ર આપુંતો હું રાજય શી રીતે ક રી શકું તમે એ અધરમ સ્ત્રી સાથે નીરગમન કેમ કરી શકું તેમાં મેં શો અપરાધ કરયો.

વીસવામીત્ર—ખરી વાતછે તું કપટકારીયમાંતો કુસલછે, આ દેશમાં એમ થતું આવીઉંછે એક માનસ બીજાનું ગ લું કાપી નાખે ને કેસેકે મેં સો દોસ કરીયો (મન સાથે) આની સાથે બોલીને વીયરથ કાહડી નાખવાને હું આવી ઓ નથી (પ્રસીધ) જા ઠગારા તારા પાપનું ફલ સતવર તું દેખશે.

હરીસચંદ્ર—મહારાજ ક્ષમા કરો, ક્ષમા કરો. મોટા પુ રૂષનો એવો ધરમ છેકે ગરીબ પ્રાણી ઉપર દયાની નજ રે જોવું.

વીસવામીત્ર—બસકર તારૂં બોલવું હવે મારો કોપ તા રી ઉપર પ્રદીપત થયોછે.

તારામતી—માહાનરૂસી વીસવામાત્ર આપ જયારે હમા રી ઉપર કોપાયમાન થશો તારે અમારે રક્ષણ માટ કોની પાસે જવું.

સત્યકીરતી—માહારાજ આપ દુવાસો તેમ કરયું નથી માટે હું હાથ જોડીને આપણી પાસે ક્ષમા માગુંછું.

વીસવામત્ર—મારૂં ધારીઉં કરવાને મને ત્રઇલોકમા અટકાવી શકે એમ કોઇ નથી હવે થા તઇયાર મારો સરાપ ગ્રહન કરવાને.

હરીસચંદ્ર—દયા કરો, દયા કરો મહારાજ દયા કરો.

વીસવામીત્ર—જાજી બકવા છોડી દે ને આ બાલકીની ઇછા પુરણ કર ને જો ના કહીસ તો જાણકે હવે તારો પરેલેકાલમાં પણ છુટકો થવાનો નથી.

હરીસચંદ્ર—જોઇયે એટલું દુખ પડે પણ હું મારો ધરમ છોડનાર નથી જો તમે એ વીચાર જાવાદીઓ તો મારૂં રાજય અને સરવે સતા તમને તુસટીદાનમા આપું.

વીસવામીત્ર—(મન સાથે) આ રાજા કાંઇ એમ સમજે તેમ લાગતું નથી માટે હવે આ રાજય સતા મને આપે છે તો લેઇને પછીથી તેને જુઠું બોલાવીસ તોજ મારી ઇછા પુરણ થાશે (પ્રસીધ) હરીસચંદ્ર તું બોલીઓ તે પાલજે મીથીયા તો નહી થાય.

હરીસચંદ્ર—મારૂં વચન કોઇ કાલે ફરવાનું નથી આ રાજય હું આપણે અરપણ કરૂંછું.

વીસવામીત્ર—હરીસચંદ્ર તારૂં કલ્યાણ થાઓ, તારૂં નામ સરવેમાં પ્રખ્યાત રહો. (જાયછે)

અંક બીજા પ્રવેશ ત્રીજો.

સ્થલ રસતો.

નાગરીક ૧—અરે અરે ત્યારે એમજ થયું થોડી વાર ઉપરતો રથમાં બેસીને જંગલી પ્રાંણીને અટકાવતા હતા

તેને દુખી જોઇને મારૂં રૂદે ફાટી જાયછે એટલુજ નહી પણ મારી આંખો આગલ આગના ભભુકા ઉડેછે અને મારા જીવમા જાણેકે તરવારના ઘા વાગેછે

નાગરીક ૨—ભાઇ રાજા ને રાણી બેઉ એક એક વસ્ત્ર પેરીને જાતા હતા તેને જોઇને મારી છાતીમાં અગનીથા ભડકો ઉઠીઓને કાયાના કોલસા થઇ ગયા.

નાગરીક ૩—ભાઇ જ્યારે એવો બનાવ બનવા માંડીઓ તો હવે આપણથી શેહેરમાં કેમ રહી શકાય ભાઇ હવે આપણે પણ આ રાજ્ય સમસાન જેવુ થઇ જશે હવે આ રાજમા રહીને શુ કરશુ અરે આ સામેથી કોણ આવેછે.

(હરીસચંદ્ર પ્રવેસ કરેછે.)

નાગરીકો ૧—માહારાજ આપ આ સ્થીતીમાંછો તે જોઇને મારૂ હરદે ફાટી જાયછે અરે અરે આપ હમારો ત્યાગ કરસો તો હમે સેરમાં રહી કેમ શકશુ.

નાગરીક ૨—મારાજ હમને તજવાને તમે ત્યાર થીઆ તો હવે હમારાથી કેમ રેહી સકાસે.

નાગરીક ૩—મારાજ હમે તમારાથી જુદા રેહેવાના નથી હમેતો તમારી ભેરા આવશુ.

હરીશચ્ંદ્ર—માંરી મયાલુ પ્રજા મે મારૂં રાજ્ં રૂસી વીસવામીત્રને દાન કરીઉછે માટે હવે તમે સરવે વીસવામીના હુકમાં રેજો. [હવે હું જાઉછું.]

નાગરીકો—નહી નહી મારાજ હમે તારી ભેરા આવશુ.

હરીશચંદ્ર—હજી હું દેસવટો લઇ જાતો નથી વીસવામીત્ર ને રાજ્ય હભીસકા કરવા જાઉછું માટે તમે પણ ચાલો

[કરીને જાયછે.]

અંક બીજો પ્રવેસ ચોથો.

સ્થલ વીસવામીત્રની રાજ્ય સભા.

ચોપદાર—રાજ્ય રૂસી વીસ્વામીત્ર માહારાજને ઘણી ખમા ખ મ. (આસાન ઉપર બેસેછે.)

હરીસચંદ્ર—માહારા મંટલીક રાજાગો તથા મુખ્ય પ્રધાન આ દીને હું વીનતી કરીને કહુંછુંજે આજથી તમે સરવે રૂસી વીસવામીત્રની સેવામા રેવુ હવે તમારા રાજ્યનો અધીપતી રૂસી વીસવામીત્રછે તેથી હવે તેના હુકમમાં રેજો.

મડીલીકરાજા—જેવી તમારી આગના માહારાજ

પ્રધાન દરબારીઓ—આપની આગ્ના હું મારે માથે ચડાવુંછુ.

હરીસચંદ્ર—રાજયરૂસીવીસવામીત્ર હવે અમને જવાની ર જા આપો એટલે અમે જઇએ અને આપ માણસને હમારી સાથે મોકલો એટલે હમે તેને શુનુ આપુ.

વીસવામીત્ર—બહુ સારૂ માડ ચાલવા હમારૂ માણુસ સવારના તારી પાસે આવસે.

હરીસચંદ્ર—આ ક્ષણે હું ચાલવા માંડુંછું અને આ ગામના દરવાજા પાસે આપના માણસની વાટ જોઉછું.

(ચાલવા મડેછે.)

મીસવામીત્ર—હરીસચંદ્ર શચુર શચુર એક વાર તારા મોઢથી એમ કે ડે કે આ રાજ્ય મે તમને આપીઉ નથી એટલે બસને તુ દુખી સા માટે થાયછે.

હરીસચંદ્ર—આપની કીરપા મારા ઉપર ઘણીછે તો પણ આપનુ બોલવુ મારાથી માન્ય રાખી સકાઅ તેમ નથી મે

આ રાજ્ય સરવે આપણને અરપણ કરીઉછે તે કદી પણ લેનાર નથી.

વીસવામીત્ર-(મન સાથે.)આએ મુરખને કોણ સમજાવે જેના કરમમા દુખ આવ્યુ તેને કોણ અટકાવે(પરશીધ)ક ર તારે તારૂ શુ જતુ જા આહીથી ચાલવા માડ.(જાએછે.)

[મનસાથે]હવે એ કયા જવાનોછે એને દુખી દુખી ક રીને મારી ઇછા પુરણ કરીસ વસીસ્ટ એમ જાણેછેકે એ નાથી શુ થવાનુછે પણ હુ એને પેલે કાલમા પણ છોડ વાનો નથી. [જાએછે]

અંક બીજો પ્રવેસ પાંચમો.

સ્થલ નદીનો કીનારો.

ગાયન.

(સીતાના મહીનાની.)એ રા

હરીસચંદ્ર-પ્રાણપ્રીઆ ચાલ,મુજ સાથ પ્રવાશીને આસરે
તીર સર જુના ઝાડ હેઠે, રેવુ આજ રાતરે
મારી વાલી પામીસ નહી ખેદ, ધરીસ નહી મન વીખે
ઉદાસી કરવાથી સરે નરી અરથ, દુખ સેવુ હવેરે શુએ
ગએ વસતુનો નહી લાગ, મલવાની નહી આસરે
કેની કરીએ ઇછા કેમ, ફલ તેમા શુ મળે

નશીબે લખ્યુ તે થાય, ભવીસ આવું તે ખરૂ
જેમ વીધાતા એ લખ્યા લેખ, તેનો વીચાર શુ કરૂ
પેલા ભવનું પાપનું ફલ, હવે આપણે ચાખીએ
રૂસીને કીધુ આપણે દાન. એવુ મન રાખીએ
પુત્ર માહારા રોહીતાસ્વર, એક વાર મે વીચારીયુ
મુજ પુઠે થસે તુ રાય, તે સરવે વ્રથા ગયુ
બાલ પણુમા મારા બાલ. પાડો દુખ જાળમા
પણુ સપડઓછે વીર, લાવીસ નહી કાઇ મનમા
પ્રીઆ ચાલો આ સામના જાડ નીચે આપણે વીસરાતી
લઇએ એટલે વીસવામીત્ર કેહ દાસને મોકલસે.
(જાએછે ને ત્યા જઇ બેસેછે.)

નાગરીકે-(પછવાડે દોડીને.) હરીસચંદ્ર મારા રાજા અમને આ પરમાણે તજીને જસો અમે કાઇ પણ રીતે તમોને માઠુ લગાડીઉ નથી કે તમો આ પરમાણે દેસ વરોલઇને જાઓછો પણઅમે તમને એકલો જાવા દેવાના નથી તમે જ્યા જસો ત્યા હમે તારી પછવાડે પછવાડે આવશુ હ મને હમારા જીવની ફીકર નથી હમને હમારા કુંટબની પ રવાર નથી અમો કાઇ પતીની પરવા રાખતા નથી તા રા જેવા રક્ષક રાજ્ય છોડી જાએ તારે હમારાથી સી રીતે રહી સકાય માટે હમેતો તારી ભેરા આવશુ. (રડેછે.)

હરીસચંદ્ર-નાગરીકો વીલાપ કરશો નહી મે મારી મેલે રાજ્ય રૂસી વીસવામીત્રને અરપણ કરીઉછે તે તેનો કસો દોસ નથી હવે તમે વીસવામીત્રની પરજાછો માટે તમારે તેના હુકમ પરમાણે વરતવુ જોઇએ માટે પાછા વલો ને તેના હુકમી વરતો (એટલે સરવે જાયછે.)

(સન્યા અધીપતી તથા કારભારીઓ આવેછે)

સન્યાપતી—મારાજ અમેતો આપની સંગાતે આવશુ આપ વીના અમે રેહી સકીએ નહી હમે આપનુ નીમખ ખાધુ તે શુ આ રીતે તમને છોડી દેવાને શુ આપ વીસવામીત્રની બીક ધરાવીખ ઓધ્યાનો ત્યગ કરીને જાવછો અરે વીસવામીત્ર એટલે બધો બલવાનછે એના જેવા પવીત્ર બામણને આ દગઇ કરવી ઘટે નહી તો પણ પોતાના ધણીને મારે તેને મારવામા કાઇ પાપ નથી.

હરીસચંદ્ર—અરે નહી મારા માણસો મારા જેવા આ ઘટીત માણસને માટે એવા અ ઘટીત વીચાર કરશો નહીં જાવ પાછા વલો ને વીસવામીત્રની સાથે સલાથી વરતો.

સન્યાપતી—નહી મારાજ નહી એમ બનેજ કેમ એવા પાપી બ્રામણને મારવામા કાઇ પાપ નથી લાગવાનુ.

હરીશચંદ્ર—(મનસાથે.)આના રૂદીએ કેવાકઠોછેકે નીચ કાંમકરવાનુ ચીતકરેછે(પરસીધ. આહો માર મીત્ર તમારા રૂદે કેવા કઠોરછે કે દુસ્ટ કરમ કરવાને તયારછે આવી દુસ્ટ વાસનાની વાદીયો વીંસવામીંત્ર જેવા રૂસીને રાજ્યની દરકાર છતા મારે તેની દરકાર નથી જાવો તમે પાછા વલો ને તેના હુકમ પરમાને વરતો

સન્યાપતી—બહુ સારૂ માહારાજ તમારી એવી ઇછા છે તો અમે જઇએ.

(જાએછે.)

વીસવામીત્ર—વીચાર કરતા કરતો ચાલો જાએછે.) મારા ધારવા પરમાણે પાર ઉતરૂં નહી હવે મારે સ્યો વી

ચાર કરવો (હરીસચંદ્રને)એ પાપી તુ તારા માણુસોને ઉસ્ક્રેરી ને મારો જીવ લેવાને તયાર થયોછે એ દુસ્ટ ઠગારા તુ નીરદયેછે.

હરીસચંદ્ર—આપ જે મારી ઉપર અપરાધ મુકોછો તેથી હું મુંકતછુ તો પણ મારાથી કાઇ અજાણુમા અપરાધ થઇગીયો હોયતો મુને ક્ષમા કરો.

વીસવામીત્ર—એ મુંહુ તારી હઠલાઇનુ ફલ તને સતવર મલશે જો જે હવે મારો સપાટો.

(ધ્યાન ધરેછે ને એક દાસ આવીને ઉભો રહેછે.)

નક્ષત્ર—માહારાજ વીસવામીત્ર સી ઓગનાછે.

વીસવામીત્ર—નક્ષત્ર તું આ હરીસચંદ્ર અને તેની સ્ત્રી અને તેનો છોકરો તેતારા સ્વાધીનમા રાખજે અને તેની પાશેથી આપણુ સોનુ લેજે (નક્ષત્ર ને એક આતે.) જો આપણે કાઇ સોના સાથે કામ નથી ફકત એક વાર એની પાશે જુઠુ બોલાવજે (પ્રસીધ) એ માટે તારે જે ઉપાય લેવા ઘટે તે લેજે પછીથી પાછો મારી પાસે આવજે.

નક્ષત્ર—બહુ સારૂ મારાજ જેવી તમારી આગના ચાલહવે મારા હુકમ પરમાણે.

[જાએછે]

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો પ્રવેશ પેહેલો

સ્થલ જંગલનો રસતો.

(સત્ય કીરતીને આવતો જોઇને.)

હરીસચંદ્ર—સત્યકીરતી તુ આમ અધરમી કેમ થયોછે તારા રાજ્ય પ્રતે ધર્મ કેમ ચુકી ગીયો અને આહી કેમ આવીયો મારા વીસેની વાત તારા મનમા જરા પણ લાવીશ નહી જયારે કોઇના માણુસ મરી જાયછે તો તે પણ તેની પછવાડે મરેછે તુ સમજુછે એટલે જાજુ સમજાવુ જોયે જા ભાઇ તુ પાછો વલને વીસવામીત્રની સેવા કર.

સયકીરતી—મારા રાજા મારા છત્ર મારા માથાના મુગટ તમે એમ બોલસો નહી રાજ્ય સતાનીહું પરવાર કરતો નથી પઇસો મારે મન ધુલ બરો બરછે હું મારૂં જીવતર એક તસલા બરાબર ગણુછું મારો તારા ઉપર પેરેમ તેજ મારૂ ધનછે મારી સરવે વસ્તુ એકજછે તે કાઇ તારા કરારમા મુને વેચીઓ નથી હુતો એક તારોજ અને તારોજ વેઆણુછુ તો મારાથી તુને મુકીને એ કક્ષણ પણ જુદો કેમ રેવાય.

હરીસચદ્ર—પ્રધાન મારા સ્યાણા પ્રધાન તુ મારી આગના ઓલગન કરેછે એ તુને ઘટે નહી અને મારી સાથે મરી મીઆ અને પુત્ર એ બેજ મારી સાથે રેવા જોઇએ તેથી તુ હવે પાછો જા.

સત્યકીરતી—ત્યારે તમને અને છોકરો વાહલોછે ને હું ન

છેકે પણ માહારાજ તમે મને ભેરો નહી તેડી જાવતો હુ આજ ક્ષણે મારો પ્રાણ મારે હાથે કાડી નાખીસ.

(કટાર મારવા જાયછે તયા હરીસચંદર હાથ પકડી લેઅછે)

હરીસચંદ્ર—અરે મારા વાલા મીત્ર તું સુ કરેછે તારે તારો વીચાર એમ છે તો તુ પણ ચાલ મારી સાથે તારા કરમમા પણ હમારી ભેરૂ દુખ્ય લખીઉ હસે.

સત્ક્રીરતી—મારા માથાના મુગટ જાઆરે આતમા જાય તારે હરદે પણ ભેરો જવો જોએ તેથી આપ જાવો તારે મારે પણ આવુ જોયે.

(સરવે આગલ ચાલવા માડેછે.)

રોહીતાસ્વર

ગાયણ.

ગજલ.

અરે મુજ પીતા પીઆરારે, તપેછે અંગતો મારૂ
ધરતી તાપ આવે જે, સરીર બલેછે મારૂ —અરે
જાઉ કયારે એ બાપ, સેવાતો નથી અગની તાપ
તાપથી જાઅછે મારો પ્રાણ, બલેછે અંગતો મારૂ—અરે
અરે એ બાપ કરૂ હુ કેમ, અરે માત વીના જાઉ કીયા
બચાવો મારા માતને તાત. નહીતો જાસે પ્રાણરે મારૂ—અરે

તારામતી—મારા વાંલા પુત્ર તુ દુખી ના થા તને દુખી થતો જોઇને મારૂ દે ફાટી જાયછે અરે જેને મખમલની તરાઇઓમા હુડીમા રેલ તે આ રેતીમા કે જેમા પગ મુકી સકાતો નથી એવી તપેછે તેમા ડોડવુ પડેછે અરે અરે હવે હુ શુ કરૂ. (રડેછે.)

હરીસચંદ્ર–આ ધરતીની સપાટી આગની પેઠે બલેછે તે આપણને બાલીને ખાક કરેછે આ મારૂ છોકરૂ પણ કરમા ઇ જવા આવયુછે તેને આસરો આપવે ને તારામતી રડે છેને હુ સકડ બંધ થઇને ઉભોછુ.

સત્યકીરતી–રોહીતાસ્વર મારા વાલા રોહીતાસ્વર તુ હ ઇ આવ હું તુને તેડી લીઉ. (તે તેડી લીએછે.)

હરીસચંદ્ર–પ્રાણપીયા આવ તારૂ કોમલ સરીર તપતું હસે તેથી આવ હું તેડી લેઉ આવ વાલી આંવ.

તારામતી–નહી પઆરા નહી એમ બનેજ નહી આપ સુકો મલ સરીરથી ઉગ્ર તાપ સેહેન કરોછો તે કરતા મારું સરીર સુ કોમલ હોવું જોએ નહી અને વલી આપ મારી પાસે રઆછો ત્યા શુધી આ તાપ શુ પણ તેથી વીસેસ તાપ પડે તો પણ વધારે લાગનાર નથી માટે આપ મારી ચાનતા ના કરો.

નક્ષત્ર–હરીસચંદ્ર–આ ઉગ્ર તાપથી મારૂં સરીર બલેછે તે તુ મને તેડી લે (હરીસચંદ્ર તેડી લીએછે.] આ ઘોડે ચાલવાની બહુ મજા પડેછે.

અંક ત્રીજો પ્રવેશ ત્રીજો.

સ્થલ કાસી વીસ્વ નાથનુ દેરા.

સાધુ સરવે

ગાયન

(પ્રભુ એક તુજમા.)એ રા

પ્રભુ છો દીન દયાલ મોરારી
ભગતી અમે કરીએ તારી —પ્રભુ
જપ તપ ધ્યાન રૂદેમા ધરતા
ભગતી અમે કરીએ તારી —પ્રભુ
ધરીએ ધ્યાન રૂદેમા તારૂ
ભગતી લીધી અમે માગી —પ્રભુ
વીસવનાથ તું આધાર અમને
લેજો અમને ઉગારી —પ્રભુ
ભગત જન તુજ આધારે
રાખીએ તુજપર ભરોસો ભારી —પ્રભુ
દીએ મુગતી અમને પ્રભુજી
કરીએ સેવા અમે તારી —પ્રભુ

[હરીસચંદ્ર પ્રવેસ કરેછે,]

હરીસચંદ્ર—ચાલો આપણે આ કાસી વીસવનાથના દરસણુ કરીએ

તારામતી—બહુ સારૂ ચાલો (જાયછે.)

હરીસચંદ્ર—

ગાયન.

(ફીરપા કરજોરે દેવ મુની માહારાજ) એ રા

રક્ષણ કરજોરે વીસ્વનાથ આ મારૂં
અમેસ મણ કરીએ તારૂ
દુખ હરજો પ્રભુ તું અમારૂ
કરજ માહારૂ દેવા સારૂ —રક્ષ
સરણે તારે હું આવયો
કરજ મારૂં તમે નીવારો
બંધ નથી તમે મુને છોડાવો —રક્ષ
કારજ એટલું મારૂ કરજે
મારી વીનતી રૂદે ધરજે
સતય રાખજો મારૂ માહારાજે —રક્ષ

નક્ષત્ર--એ મુઢ આ તુ શુ કરવા મંડી ગયોછે મારેતો હવે તારી વાટ કયા લગી જોવી મુંકીદે મારૂં સોનુ નહી તો કેહકે નથી માગતો એટલે તારો હીસાબ પતી ગીઓ અમારેતે તારી પછવાડે કેટલાક દીવસ રખડી મરવું.

હરીસચંદ્ર— ભાઇ નક્ષત્ર તુ સોનુ માગેછે તે હું તારૂ આપવાનુછું પણ આપણે હમણાજ લાંબે પંથ કરીને આ વ્યાંછે તેથી જરા આરામ લઇને પછીથી આ કાસી નગ્ર મા જઇને કોઇ ધનવાન સેઠની આચના કરીને તુને સોનુ લાવીઆપીસ.

નક્ષત્ર–આ હરીઆ એતો મારીને હેરાન હેરાન કીધાછે નારે ભાઇ મારૂં સોનુ હમણા નહી આપેતો મેં તારે સારૂ મીઠી મીઠી વસતુઓ રાખીછે તે તું લે ચાલ સભાલજે

(ચીમટા ભરાવેછે.)

હરીસચંદ્ર–(અતીસ દુખ પામીને.)અરર છોડ ભાઈ છોડ મેં તને કાંઈ સોનુ આપવાની ના પાડી નથી તો મને આમ દુખ સ્યા માટે દીએછે ઓ વીસવનાથ રક્ષણ કરજો.

ગાયન.

(દરદ ગમજાને મન)એ રા

ઓ વીસ્વનાથ સહાય થા હું સરણ તારે આવોછું તું
બચાવ આ દુખથી ઇઆ તુજ વીના જાઉ કીયા.
આ દુખથી ઉગારજે પ્રભુ મેહર કરી આવજે તુ
અરે મુજ લાજ તું રાખ આજ ઉપાય મુજને બતાવ

રોહીતાસ્વર–માતા તું મને કયારની વારી વારી રાખ્યો છે પણ હવે હું તારૂં માનવાનો નથી આ દુસટ બ્રામણો મારા પીતાને દુખ આપેછે તે હું તેને મારૂં.

(મારવા જાએછે તેને નક્ષત્ર ચમટો ભરાવેછે.)ઓ બાપરે

તારામતી–બેટા તુંએ જીવતા વાઘને સા માટે છેડે છે મે તુંને પેલેથી કહું કે તેને છેડીસ નહી.

નક્ષત્ર–જોઉકે આગ્ર મુને વાઘ જેવો કહેછે તો હવે હું વાઘછુ ચાખ તારા વાઘનો સવાદ.

(હરીસચંદ્રને ઉધો નાખેછે.)લે હરીઆ પડ ઉધો જો

મારૂં જોર મારૂં સોનુ ખાઇજાએછે તે માહાદેવ સારી રી તે જાણેછે.

હરીસચંદ્ર–ભાઈ હું આપવાને ના કેતો નથી હવે તુ મને છોડ આમ તે મને લાચાર કરી રાખ્યોછે તો હું સી રીતે લાવી સકુ.

નક્ષત્ર–શુરાતનતો બહુ બતાવતો હતો ને બુમાબાટા કેમ પારવા માંડીઆછે.

હરીસચંદ્ર–મને મારૂં દુખ થાતુ નથી પણ મારાં વાલા મુને દુખી થતા જોઇને દુખી થાયછે તેનું મને ઘણું દુખ થાએછે.

નક્ષત્ર–એમ છેતો જોઇ લેજે મારો પણ ચમતકાર (આગરીઓ સજડ ચીપડેછે.)ચુપકીથી હવે સહનકર.

તારામતી– [અતીસે રડતી સતાપ પામતી.)

ગાયન.

રાજીઓ.

(અરે અરે આ દુખ એવુરે)એ રા..

અરે અરેઆ દુખ માથી કેમ છુટેરે પીઉ માહરો કેમ ઉઠે
ધરણી ઉપર પીઉ થર થર ધ્રુજે અને ગએછે સુધ બુધને
સાન —અરે
દીન દુખની મારી ત્રાહી ત્રાહી કરને સભારૂ વીસ્વનાથ

આ વન કેમ ટુટી પડે નહી કાન કરે મારો નાસરે —અરે
પ્રાથના કરી હું વીનવુ વનમા પશુ પક્ષીજે હરે
જલદી આવીને મને ભક્ષકરો આ દુખમાથી છોડવો દેહરે
—અરે
ઓ કાસીના દેવતાઓ શુરજ કરણ નાખો મારી ઉપર
દુખમાથી મને મુક્ત કરો કે છુટુરે મારો દેહે.
અરે અરે
ઓ બ્રામણ તારૂં હરદેય કેવુ પથર જેવુછે તું આ પ્રમા
ણે અમને દુખ શુ કરવાને દેઅછે અરે
અરે હું તને પ્રાથના કરીને કહુંછું કે તું મારા સવામીનાથ
ને છોડ

સસ્ત્યકીરતી—ભાઇ નક્ષત્ર આમ દુખ દીઅછે તે ઠીક કે વાયે એક સીહ જેવા રાજા તેને દુખ દેવામા મોહોટાઇ ગણેછે એ તને કરવું જોએ નહી ને તું જો આ પ્રમાણે તેને રાખી મુકસેતો તારૂં સોનુ આપવાનુછે તે કેવી રીતે આપી સકાસે.

તારામતી—એ બ્રામણ તું અમારૂં કેમ માનતો નથી તું અમારી ઉપર નમેરો કેમ થઇ ગીયોછે હું તને પ્રાથના કરીને કહુંછું કે મારાં પ્રાણપતીને તું છોડ(હરીસચંદ્રને) પ્રાણપતી આપ મુર છાગત ન થાવો શુધીમા આવો અને તેનુ દેવું દેવા માટે મુને કયાક દાસી તરીકે વેચી નાખો અરે મુને વેચતા પુરૂ ન થાયતો મારી સાથે મારાં પુત્રને પણ વેચી નાખો.

હરીસચંદ્ર—નહી પ્રીઆ એમ બનેજ કેમ મારાં પ્રાણ કરતા વલી તને કેમ વેચાય.

તારામતી—પ્રીયે સત્યતો સદાકાલ રહેછે અને મારૂં જીવતરતો એક તરસલા બરોબરછે માટે હું આપને પ્રાથના કરીને કહુંછું કે આપ મુને તથા તારા પુત્રને વેચીને એનુ દેવુ આપો.

નક્ષત્ર—અરે ભલા માણુસ તું એક જુઠુ બોલવા કરતા તારા સ્ત્રી છોકરાને વેચસે તે તું સારૂ ગણેછે.

હરીસચંદ્ર—ઓ પવીત્ર બ્રામણતું તારૂં સોનુ વસુલ કરી લે એટલે પતી ગયુ.

તારામતી—પ્રાણુનાથ વગર વીચાર કરવે મુને વેચવાનું કામ સરૂ કરો.

(કાસીના દરવાજા આગલ આવેછે.)

હરીસચંદ્ર—આપ વીત્રન ગરના સદગ્રસતો હું આપને વીનતી કરૂંછુંકે મારી સ્ત્રી તથા મારો પુત્રને વેચવાને કાડીઆછે તે કોઈ પણુ લીઓ.

(અગનીસેન પરવેસ કરેછે.)

અગનીસેન—(મન સાથે.)આ કીલા આગલ ભીડ સાની થાઅછે તે હું પાસે જઈને તપાસ કરૂ. (પાસે જઈને.) અરે ભાઈ તારે શુ વેચવાનુછે તે પેહેલેથી મને દેખાડ.

હરીસચંદ્ર—મારે જે વેચવાનુછે તે પ્રાણીછે.(તારામતીને) આ સ્ત્રીને આ છોકરો વેચવાનાછે.

અગનીસેન—(વીચાર કરીને) ઠીકછે હું તેને વેચાથી લીઉ પણ તે મારી સેવા ઉઠાવશે પણ એક વાર તેનું મુલ શું છે તે કહો પછીથી તેનો વીચાર.

હરીસચંદ્ર—માહારાજ મારી ઉપર વીસવામીત્રનું ઘણું દેવુંછેતે આપોતો આ મારી સ્ત્રી તથા આ મારો પુત્ર તમારા આગના પાલક સેવા થશે.

અગનીસેન—કેટલું દેવુંછે વારૂ.

હરીસચંદ્ર—માહારાજ એક હાથી ઉપર માણસ ચડીને ગોફણનો ગોલો ઉપર ફેકે એટલો ઢગલો સોનાનો દેવાને છે તે આપ આપોતો અમારી ઉપર કીપા થશે.

અગનીસેન—એટલુ સોનુ દેવા જોગતોનથી પણ તારો છુટકો થતો હોઅતો આપુ પણ દેવુ નક્ષત્રને દેવાથી પતસેકે નહી.

હરીસચંદ્ર—માહારાજ આ છોકરોને તેની માતા તમારા આગના પાલક સેવાક થસે.

અગનીસેન—કેમ નક્ષત્ર તું શુ કહેછે.

નક્ષત્ર—જો મારા રોકડા પઇસા આપેતો મારે કબુલછે.

[અગનીસેન—વેચણ ખત લખી આપ, [લખી આપેછે.]

હરીસચંદ્ર

ગાયન.

(પહુંછું વીખુટો)એ રા.

પ્રીયા તુજને તજતા પ્રાણ જા અમારા
તારામતી—ધીરજ ધર દુખમા હવે પ્યારા
હરીસચંદ્ર—તજી જાત તુજ પ્રીયા પ્રાણ માહારૂં જાય
ક્યાં જઇ ભટકુ પયારી આ દુખમા દીન કેમ જાય
તારામતી—ધીરજ ધર દુખમા હવે પયારા
જીવતા હશુતો મલશુ પયારા કોઇ દીન પણ સાથ
મન ઉદાસ ન કરીયે રહો સત્યકીરતી સાથ
હરીસચંદ્ર—પ્રીયા તુજને તજતા પ્રાણ જાય અમારા

તારામતી દોહરો.

પીયારા તું દુખી ના થા રહો સત્યકીરતીને સાથ
સમરણ કર વીસ્વનાથનું રહે શુખ દીન રાત

(સત્યકીરતીને) સત્યકીરતી આ મારા પ્રાણ પીતીની ભરામણ તમને કરૂછું.

સત્યકીરતી—રાણીજી તમે તેની કરી ચીતા કરશો નહી હું સદા તેની સેવામા હાજર રહીસ.

(જાયછે તેને જોઇ અધીરો થઇને.)

હરીસચંદ્ર—પ્રીઆ મારા પરાણ કરતા વાલી પ્રીયા

હું જાઉછે પ્રીયા પ્રીયા. (મુર છાગત થાઉછે.)
સત્યકીરતી

ગાયણ.

(સીતાના મહીનાની.)એ રા

અરે મુજ રાય સીરતાજ, દુખી દીલ નવ થઈએ
ધરી દુખ કદીરે રાય, હસી આપણી બહુ થાએ
પરથવી ઉપરનો જે સાર, તે તો રાજા સત્યછે
રાજા કરની દીલથી વીચાર, સનસારમા શુખી કોણછે
પાપે ખેચી આણીયા આહી, કયા જઈ વસીએ અરે
જનમ મરણ એકસમા સદા કોઇ નવ રહે અરે
પ્રાણી આપણે આહી તાહી, ભટકીએ સરવમા
મોજા ભાગ્યેના ખેચે તેમ, જઈ પડીએ કોઇ દેસમા
રાખો વીસ્વનાથની આસ, કરસે તે સુખ સદા
વીનવી કહુંછું મારા રાય, દુખી દીલ ન કરો કદા

(મુછામાથી ઊઠેછે.) રાજા સંનસારની મોહ જાલમા ફસાઇસ નહી અને ભવીસ ઉપર આધાર રાખ તેથી સરવ તારા દુખનુ નીવારણ થસે (નક્ષત્રને) દુત નક્ષત્ર તું હવે અમોને જવાની રજા આપ એટલે અમે જઇએ.)

નક્ષત્ર—હરીસચંદ્ર તું એમ જાણેછે કે મારૂં દેવુ પતી ગયુ તારી પાસે આટલા દીવસ રહો તે ખાલી હાથે જાઉ કે તે ઘટીત કેવાય.

હરીસચંદ્ર—ઠીકછે ભાઇ તારૂં પણ હજી બાકી રહી ગ.

શુ હોયતો પુરણ કરી લે.

નક્ષત્ર–હું કાંઇ વધારે માગતો નથી દસ હજાર મોહર મલશે એટલે બસછે તેથી હું સંતોસ પામીસ.

હરીસચંદ્ર–બહુ સારૂ ભાઇ તુને પણ આ ઘડી આપુ છું (સત્યકીરતી) પ્રધાન સત્યકીરતી હવે મને વગર વીલમે વેચી નાખો ને પઇસા નક્ષત્રને આપો.

સત્યકીરતી–માહારાજ આપ એ શુ બોલોછો મારા સીરતાજ ઉપર તુલસીનુ પાન મારાથી કેમ મુકાય માહારાજ એ કરતા મુને વેચી નાખો અને તેના પઇસા આવે તેતેનેઆપો

નક્ષત્ર–એ નીચને વેચીને પઇસા હુતો લેવાનો નથી.

હરીસચંદ્ર–સત્યકીરતી જલદીથી ચાલો આગલને મુને વેચીને તેને પઇસા આપો (નક્ષત્રને) ચાલ ભાઇ નક્ષત્ર તુને પઇસા આપુ.

નક્ષત્ર–(મન સાથે) આ બીચારો પોતાનો સત્યને માટે કેટલું સહેન કરેછે [illegible] મુને ઘણી દયા આવેછે પણ શુ કરૂંજે હુતો [illegible] મુત થઇને પડીઓ છું તે ઓ ઇસ્વર તું [illegible] સુખી રાખજે.

(કરીને જાયછે.)

અંક ત્રીજો પ્રવેસ ત્રીજો.

સ્થલ કાલસેનનુ ઘર.

કાલસેન સ્ત્રી—એ મુવની તું કયા મુવોતો તારી તાણુ ક રૂં તું ચીઆ મુવોતોતારી ચઇમા પાહે ચીઓતો મુવા આજ ની તારી ચમાની કયા નાખી આવીઓ મુવ (કરીનેજે જાનુ લઇજે બે ચારકમાં.) લે તારી ચાણુ કરૂ હું તારો ચુલે ભાગુ તું જોયોતો ચીઆ (હરીસચંદ્રને જોઇને) આ રાજા કોણછે કે આહી આ ભડછા માતે લાવોછે.

કાલસેન-મારી વાલી હુ તાણે સારૂ આ કેમાણુ લા વયોછું ઠીક એ તારૂં ચામ કરહેજે બેછીરહે.

હરીસચંદ્ર—હું તમારો ચાકરછું તમે જેમ કેસો તેમ કરીસ.

કાલસેન—આણુતો આપણે માહાણમા રાખી લીએતો ઠીક થયજો. (હરીસચંદ્રને) એલા હરીઆ આમ આવ આમ આવ (પાસે જાએછે.) જા કે એ એ પણે દુગ ર દેખાઅછે ત્યા જઇને જો કે તેની પાહે મસાણછે તે માં મુરડા બલેછે તેની તારે ચોકી કરવી ને જે આપણે કરછે તે આપે તેને મુરડા બાલવા દેવા એનો કરછેતે હું તુને કહું તે તું સાભર મુરડાના મોઢામા માખ જેટલા ચો ખા અને એક લુગડાનો કડકો ને એક પઇહો એ રીતે લેવાને તારે ત્યા રેવુ ને એ હવુ તાણે મુને પોચાડવું જો તું ખાઈ જઇસમા હો.

હરીશચંદ્ર—બહુ સારૂ સેઠ એ બધુ તમને આપીસ પ ણ મારી ભુખની વારણ થવાને શુ કરવુ.

કાલસેન— (મન સાથે.) હા એને પણ ચઇ છાવાને

સારૂ જોસે (જરાક વીચારીને) હા હા મુને આદ આ મીઉ કે મુરડાના મોઢામાં ચોખા ભસેછે તે આપુ [હરીસચંદ્રને.] તારે મુરડાના મોઢામાં ચોખા ભરેછે તે ખાવા જા હવે ચોકી બરાબર રાછજે.

હરીસચંદ્ર—બહુ સારૂ જેવી તમારી આગના.

(જાએછે.)

અંક ત્રીજો પ્રવેસ ત્રીજો.

સ્થલ અગનીસેન બ્રામનુઘર.

અ. સ્ત્રી—(અગનીસેનને) મારા પ્રાણ પતી હું તમારી ક્યારની વાટ જોઇ રહી હતી (તારામતીને જોપને.] આ પછવાડે કોણ આવેછે વારૂ.

અગનીસેન—પ્રીઆ તારા ઘર કામને માટે પઇસા આપી હું વેચાથી લઇ આવીયો આ સ્ત્રીનુ નામ તારાછે આને છોકરાનુ નામ રોહતછે.

અ. સ્ત્રી—આવા શુદ્ર માણુસને શુ કામ લાવા મેં તમને લાવા માટે કહું નહી હતુ આપણે એ તે શુ કામ લાગસે એમને એમ પઇસાના ખીદેતા તમને બહુ આવડેછે એ ટલુજ નહી પણ તેને ખાધાનુતો આપવુ જોસે.

તારામતી—બાઇ હું તમારી ગરીબ દાસીછું તમે જે કાઈ કામ મુને કેશો તે કરીસ.

અ. સ્ત્રી—તારા તું તો કયા ગરીબાઇ દેખાએછે વારૂ તારે ઠીક છે જો જા સાભલ તારે ઘડી રાત હોય એ વખતે ઉઠવું અને આખા ઘરમાથી વાસીદુ કાઢવુ અને બધી જગાએ કેસર ચંદનનુ પાણી છાંટવું એ કામ પુરણ થઇ રહ્યા પછે ડેલે જવું તીઆ વાસીદુ કાડવું ને ગાઇને દોહીને દુધ લાવું પછી થીકળલસા વાસણ સરવે કીઆલવા ને પુજાપાના વાસણ માઝને પુજા કરવાની સરવે સામગ્રીત્યારી તેને કરી આપવી. પછીથી બે પાલી બાજરી દલવી એટલું કામ કરવું.

તારામતી—બહુ સારૂ બાઇ સાહેબ તમારી આગના પ્રમાણે કરીસ.

(બ્રામણના છોકરા પ્રવેસ કરેછે)

સકર—ભાઇ શુંદર આપણે આજ બીલ અને દ્રભ કઇ ઠેકાણે લવા જશુ હજી આપણ કેટલાક ગોઠઆ આવીઆ નથી તે કમ નહી આવા હોય વારૂ (અગ્નીસેન પાસે) અગ્નીસેન કાકા આજ દ્રભ વીણવાને તમે આવસો કે.

અગ્નીસેન—નહી છોકરાવો આજે મે છોકરો રાખોછે તે તારી શાથે આવશે.

શુદરદાસ—તારે મોકલો હમારી સાથે.

અગ્નીસેન--રોહીત તુ જા આ છોકરાની સાથે **અનબીલ** પત્ર લઇઆવ

તારામતી—માહારાજ મારા બાલકને કસીં વાતની ટેવ પડી નથી તેથી તેને સીમ મોકલતા મારો જીવ ચાલતો નથી મોટે આપ આગ્ના કરો તો હું જાઉ

અગ્નીસેન—દાસી તારે આડે આવાનું કામ નથી તેને ટેવ પવડા વગર ચાલવાનુ નથી ને કદાપી ખોવાઇ ગયે તો મુને નુખસાન થશે એમા તારે શુ છે

તારામતી—આપ વનમાં મોકલસો તો મારાથી કાંઇ ના કેવાતી નથી આપ કોપાયમાન શુ કરવા થાવો છો (રોહીત ને) મારા પ્યારા પુત્ર આ આપણ કુર ભગએ તુને વન માં કાઢવાની કોસેસ કરી છે માટે હવે તું તારા ગોડીઆ બેની સંગતે પાછો વેલો આવજે (રડે છે)

રોહીતાસવર—મારીવાલી મા તું રડીસ નહી મારા વાચવા માંઆવ્યું છે કે બ્રામણની સેવા કરવામાં આપણ સારૂ થા એછે માટ મુને આ ગોડીઆવ સાથે જવાની રજા આપ

તારામતી

આયન.

(કુવરી કુવર મારા લડકા) એ રાહ

પુત્ર મારાને વનમા, મોકલતા મુજ જીવ અલાઅ
ચુરે ચુરા ફાટી થાય છે, જાણે મારો જીવડો જાય —પુત્ર
બાલ મારા તું આવની, મુજ પાસરે વીર
શીક્ષા લે તું સાંભળી, રાખજે રૂદેમા તું ધીર —પુત્ર

તારી માતા હુ આભાગણી કહુ તે ધરજે ધ્યાન
આ છોકરાની સાથે રેજે. આવજે વેલો આથમતા દીન—ત્રપુ
વીનવી કહુ પુત્ર તુજને. સીધી વાટ લેજે મુજ પ્રાણ
વાટે આડો ચાલીશમાં, રસતે કરીસ મા તોફાન —પુ.
મારા સોબતી સાથે રેજે, સને ધરીને મુજ બાલ
કદી તેને લડીસ નહી, રૂદે રાખજે ખ્યાલ —પુ.
કુમલા ઝાડના છોડવા. તોડીસ નહી મારા બ્રત
ફુલ વીણીને આવજે, જોઇ ચડીસમા તાત—પુ.
ઓરે આકાશી દેવતા, કરજે બાલની સંભાળ
મોકલુછું હું એકલો, તારે સરણે મુજ બાલ —પુ.
વીસ્વનાથ તુજ આસરે. મુજ રાંકનુ રતન
સંભાળ તેની રાખજે, પાડીસ નહી વીધંન —પુ.
મુજ જીવથી વાલુ અધીક છે, તેને સોપુછુ તારે સણ
દયા કરી ઓ દેવતા, રક્ષા કરજો ભગવાન —પુ.

રોહીતાસ્વર—માતા તું ચીનતા ના કર તારી બીક ટાલવાને હું વેલો આવીસ.

છોકરાવ—ભાઇ હવેતો હમારાથી નહી રોકવાય.

તારામતી—ભાઇઓ આ મારા છોકરાને તમને સોપુ છુ ને તેને વીલો મુકસો મા. (રડેછે.)

છોકરાવ—બાઇ તમે રડશો નહી હમે તમારા છોકરાને હમારા જીવ કરતા વધારે રાખશુ.

અગનીસેન—તારા તું આ છોકરામા ખોટી થઇસ નહી જા તારૂ કામ કર (રોહીત જાએછે.)

રોહીત જા વેલો આવજે. (જાયછે.)

અંક ત્રીજો પ્રવેસ ચોથો.

સ્થલ કાસીની પાસેનુ જંગલ.

સંકર-ભાઇ હવે આપણે જંગલમા ઘણા રખડીઆ આપણુને વખત થઇ ગયો વેલા વેલા બીલ પત્ર તોડી લીઓ દ્રભ કાપવા મંડી જાવો જુવો ભાઇ આપણામા થી થોડુ થોડુ પેલા નવા છોકરાને આપવું પડશે.

(સરવે દ્રભ કાપવા માંડેછે.)

રોહીતાસ્વર-મારા વાલા ગોઠીઆવો તમારી મેહેરબાની મારા ઉપર ઘણી થઇછે માટે ભાઇયો મારી પાસે બીલ પત્રતો ઘણા થઇ ગીઆછે પણ દ્રભ જેટલો જોઇએ તટલો થયો નથી તેથી આ સામેની ડુગરી ઉપર મોટા મોહોટા છોડ છે તે જો તમે મને ત્યાં જવા દીઓ તો હુ ત્યાં જઇને જલદીથી તોડી લાવું.

સુંદરદાસ-રોહીત તુ કાચવામા જા જલદીથી પાછો આવજે જો વખત લાગસે તો રાત પડી જસે તો આપણુને રસતો નહી સુજે (દોડીને ટેકરી ઉપર જાયછે.)

વીસવામીત્ર-[મન સાથેહવે હરીસચંદ્રને મસાણમા રેવુ

પડીયુ અને તારામતીને અગનીશેનને ત્યા રાખી પણ એ શુખી થસે તે ઠીક નહી માટે રોહીત હાથ આવીયોછે તેને સરપ થઇને ડસ કરૂં એટલેજ તેને દુખ થાએતો હું રાજી થાઉ. (સરપ નીકરી રોહીતને ડશેછે.)

રોહીતાસ્વર—[રડેછે]ઓ પ્રમેશ્વર ઓ સીવ સીવ એ, વીસ્વનાથ ઓ મારા ગોઠીઆવો આહી આવો આહી આવો, મારી પાસે આવો.

શુદરદાસ—અરે પેલો ગરીબ છોકરો રડેછે કેમ ચાલો આપણે તેની પાશે જઇયે. [વીટીને બેસેછે.]

રોહીતાસ્વર—અરે મારા ગોઠીઆવો તમે મારા કુલ દેવતાની પેઠે મને વીટલાઇને બેઠા છો તે હવે મારૂ છેલી વાત્તુ કેવુ સાભલી લીઓ આ જો પેલા રાફડામાંથી એક મોટો સરપ નીકલી ને કરડો ઓ પ્રમેશ્વર હવે મારાથી બોલાતુ નથી.

સીવસકર—પ્યારા રોહીત તારે શુ કેવાનુ છે તે કેહે.

રોહીતાસ્વર—અરે મારા આખા સરીરમા વીખની જ્વાલા પ્રગટી રહીછે પણ ભાયો હવે હુ તમને કહુંછું તે તમે સાભલો ને મારી વાલી માતાને કેહેજો કે તારો પુત્ર આ દુખમાથી છુટો થએોછે અને ઇશ્વરના ચરણમા પોચીગોછે મારી માતાને ઘણો રૂદન કરવા દેસો મા (બોલતો બધ થઇ જાએછે.)

સંકર—અરે આ છોકરોતો બોલતો બંધ થઇ ગયો એ,

રમેશ્વર તું એનુ રક્ષણ કરજે હમે તેને તેડીને ઘર જઇએ.

શુદર—ભાઇ હવેતો સરીર પણ હાલતો બંધ થઇ ગયુ ઓપ્ર મેશ્વર તું આવો નીરદએ કેમ થયો.

સીવ—ભાઇઓ હવે આપણે એની પાસે બેસીને શુ કરીએ એતો મરણ પામો તેથી આપણુ જઇયે નીકર રાત પડી જશેતો આપણે રસતો ભુલીજશુ.

[રડતા રડતા જાયછે.]

અંક ત્રીજો પ્રવેસ પાચમો.

સ્થલ રસતો.

સત્યકીરતી—(મન સાથે) મારા મીત્રથી છુટો પડીને ગયો પણ મુને કશુ ભાન રહ્યુ નથી કે હું કયા ઉભોછું અરે અએ કરજ વાસી રાજા તે એક વખત હજારો ઉપર હુકમ કરતો તે એક નીચને ઘેરદાસ પદવી ભોગવેછે અને જે એક ભીખનો માગનારો બ્રામણ તેને રાજ ગાદી પણુ પ્રમેશ્વરની ઇછા હોઅ તે બનેછે એમા આપણો ઉપાય નથી પણ હવે મારે તેનાથી જુદુ રેવું એ તો વીસવાસ ઘાત કરવા જેવુ થાએ તે ચાલ હું તેની પાશે જાઉ પણુ હું જઇસ તેને કાંઈ દુખ થાશેતો માટે તેનો વીચાર મારે પેહેથી કરવો જોએ પણ જાવુતો ખરો જે કાઇ બને તે ખરૂ.

ગાયન.

દુહો.

હતો હજારે ઉપરે કરતો ધરમ રાજ, તે રહે નીચ મંધરે
મારાણમા કરે કાજ
તેહની નાર વેચાણી વેચ્યો પુત્ર સાથ, તે સરવે બનીયું સ
ત્ય રાખવા કાજ
ભવીસ લખીઉ તે નહી મટે. કરવારાં કીરતાર પ્રમેશ્વર
ની ઇછાથી શુખ દુખ અવતાર
ઓ પ્રમેશ્વર તુજ આસરે જે જન. તેને દુખ પડે તે
જોઇ થાઉ મન ભંગ
ઓ જીવડા હવે રોકવામા શુ વલવાનુછે હરીસચંદ્ર પાશે
જાઉ. (જાઓછે.)

સ્થલ અગનીસેન બ્રામણનુ ઘર.

તારમતી—[ઉભી ઉની] હરે હવેતો ઘણો વખત થઇ ગીયો ને મારો પુત્ર કેમ નહી આવીયો કાઇ વીસ્વામીત્ર તો કપટ નહી કીધુ હોય અરે મુને અપશુકમ કેમ થાઅ છે અરે મારો જીવ ઘભરાયછે (છોકરાવોને આવતા જોઇને) છોકરાવો મારો છોકરો કયાછે તે મુને જલદી કહો મારી છાતીમા કાઇ થઇ જાઅછે.

છોકરાવો—બાઇ તમે ખીજવાશો નહી તમારો છોકરો હ મારૂ કેયુ માનીયુ નહી ને ઊચા ટેકરા ઉપર દ્રભ લેવા

ગયો ને તેને સરપ કરડવાથી મેણ પામીઓ.

(તારામતી સાભલતા મુર છાગત થાઅછે.

તારામતી (ઉઠતા ઉઠતા.)

ગાયન.

લલીત.

અરર ઓ પ્રભુ હાય હાયરે. દુખતો વધયુ જાઉ કયારે
અરર હાયરે ફાટી છાતડી. પુત્ર તુજ તણી હું જોતી વાટડી
હરદે માહરૂ બલી જાઅ અરે અતી. થશે માહરી સીરે ગતી
પતી મુકી ગયા પુત્ર પાસરે. બલી મરૂ હવે થાઉ ખાખરે
મન્ય જુવાલા તો બલીતી હતી, તવ ધારવા આ દુખની થીતી
અરર શુખતો ગયુ માહરૂ. પુત્ર તે આમ તે શુ અરે કરૂ
અરેર આ દુખમા તજીને ગયો. મુકી દુખને શુખીયો થયો
હવે નથી કાહની આસરે. અરર મુજને કરી નીરાસરે
થઇ ગયા પતી જારથી જુદા. ત્યારથી વધી મન આબદા
અરર દુખ સમુદ્રમા દુબીરેમરૂ, ભર દરીયો મુકી કયા જઇ ફરૂ

તારામતી—હું તમને પ્રાથના કરીને કહુંછું કે મારો છોકરો કયા પડો છે તે મને દેખાડો.

છોકરાવો—આ સામે રસતેથી જશોતો તે સામે

ટેકરી છે તે ઉપર પડે છે તે ત્યા જશો તો તમને મલસે. (છોકરાવો જાયછે.)

(અગનીસેન પ્રવેસ કરેછે.)

અગનીસેન–ઓ સખણી તું કયા ભટકતી ફરે છે તું કાઇ તારા માટીની વાટ જોઅ છે કે શુ જા ઘરમા જે કામકાજ હો તે કર.

તારામતી–(રડતી) માહરાજ મારા છોકરાને તમે નીરદે થઇને વનમા મોકલીઓ તેને સરપ કરડવાથી તે મરણ પામીયો અરે અરે પેલા બ્રામના છોકરા તેના મરણની ખબર હમણાજ આપી ગયા માટે હું તમને પ્રાથના કરીને કહુંછું કે તમે મને તેના મુડડાની સોધ લેવા જવાની આગના આપો.

અગનીસેન–ત્યારે શુ એમજ થયુ મારા પઇસા શુ ધુલમા ગયા પણ ઠીક જે બનીયુ તે ખરૂ છોકરો ગયો તો એટલેથીજ પતુ પણ હુ ગાડો નથી કે તુને પણ મોકલુ જા નાહી ધોઇને તારા કામે વલગ આ તમારી તાલમેલ મુને ડગો કરીને જવાની લાગે છે.

તારામતી–માહરાજ તમારે એમ બોલવુ ઘટે નહી હુ તમારી પાસે થોડી વારની આગ્ના માગુછું તે ઘટીત કીરીયા કરીયા પછી મળખ શુ નહી થાઅ તે પેહલા હું તમારી પાશે આવીસ.

અગનીસેન–આ દાસી પુત્રી કેવી હઠીલીછે પણ હશે જા તારે તું એટલુ બધુ બોલે છે તારે હું સ્ત્રી જાતીનો જીવ કર કરવતો નથી જા જલદીથી આવજે. (જાયછે.)

અંક ચોથો પ્રવેસ બીજો.

સ્થલ જંગલ.

તારામતી–હવે હું શુ કરૂ કાઇ પતો મલતો નથી હુ તો આખા જંગલમા રખડીને આવી પણ પતો મલતો નથી એ જગલી પક્ષીઓ તમે શેકાર મારો છો ને કેમ મને ફાડી ખાતા નથી આ જગલના રેનાર રાક્ષ કેમ તમે મારો ભક્ષ કરતા નથી શુ તમને મારી દુખીઆરીના દયા આવતી નથી એ જગલી સાપ જે મારા પુત્રનો ઘાત કરનાર તું આવીને મારો ડશ કર કે હું પણ મારા વાલા પુત્ર પાશે જાઉ. [ચાલતા ચાલતા પગમા અથડાઇ] અરે મારા વાલાં પુત્ર તું હાઇ પડોછે.

(મુડકુ ખોલામ ાલઇને.)

ગાયન.

[સોદને આયો તું મારે આગણે] એ રા.

બાલ તુને કોણે મારીઓ. વાલો કોણે તારો ગાણુરે
એવો કસાઇ કોણ થયો. કરવા તારી ઘાત મારા બાલરે
દુખીઆની દુખી કરવા. કયાથી આવો કાલ કસાઇ માર
બાલરે—બાલ
આ દુખ હવે સેવાતુ નથી. બલતી આગનીમા એમ થાય
મારા બાલરે—બાલ
ઓ ઘાતકી સાપ તે કર્યુ કરમ, મુજને દુખી દુખી ક
રવા મારયો મારા બાલરે
કયા જઇ હવે હું રહુ. કહુશ દુખની વાત મારા બાલરે
—બાલ
હવે મારે મરી છુટવુ. જીવી શુ કરૂ આ દેહરે
બાલ પાસે જઇ પોચ્યું. છુટુ દુખમાથી આ દેહ મારા
બાલરે—બાલ

હવે આ બાલને મસાણમા લઇ જાઊં ને કાસટ ભેરા ક
રીને તેને અગ્ની ડાગ કરૂ ને સવાર થતા પેલા તો મા
રા ધણીના કામ ઉપર જવુ છે.

અંક ચોથો પ્રવેસ ત્રીજો.

સ્થલ મસાણ.

(તારામતી મુરદુ લઇને આવેછે.)

હરીસચંદ્ર—એ સ્ત્રી આવી અધં કાલ રાત્રને વખ તે ચારનુ કામ કરવાની હીમત ભલી ચાલવી શુ તું એ મ ધારતી હસે કે ચોકી રકનાર નહી હશે તેથી હું કા વી જઇસ ને કદાચીત ચોકી કરનાર હશેતો તે કયા પડી ઓ હશે તો હું મુરદુ બાલીને જઇસ જા તારૂ મુરદુ લઇ ને નીકલ નહી તો ધક્કો મારીને કાડી મુકવી પડશે

તારામતી—અરે ભલા માણસ આ જગોની રીતભાતથ હું અજાણી છું જો એમ નહી હતે તો તમારી આગન વાના આવી નહી હતે માટે મારી ભુલ થઇ તેની તું મ ને ક્ષમા કર ને આ છોકરાને અગનીસં સકાર કરવા દે

હરીસંચદ્ર—તું કહે છે કે હું અજાણી છું તો તારો વા ક જા તો મુકુ છું પણ મારો ચાલતો કર લીધા વીના મારાથી મુરદુ બાલવા દેવાય નહી કર કાઇ વધારે નથી થોડાક ચોખા એક લુગડુ અને એક પઇશો એટલુ આપે તો બાલવા દેઉ.

તારામતી—હું એક બ્રામણની દાસી છું ને મારો છોકરો જગલમા સાપના કરડવાથી મરણ પામીઓ છે તેને લઇ

ને હુપરબારી હાઇ આવી છું તેથી મારી પાશે કાઇ ન
થી માટે હું તમને પ્રાથના કરીને કહુછું કે તમે તમારો
કર માફ કરો.

હરીસચંદ્ર—તું કર ગરશે તેમા કાઇ વલવાનુ નથી મા
રો કર આપવો જોશે એ કાઇ મારી મતા નથી પણ મા
રા ધણીની મતા છે મુરૂડાના મોઢામા જેટલા ચોખા ભ
રાઅ છે તે મારી મતા છે તે તને માફ કરૂ છું.

(તેના ગલામા મંગલ દોરો દેખેછે)

(મન સાથે) શી ઠગાઇ છે કે ગલામા મોતી હીરાનો હાર
પેહેરો છે ને કહે છે કે મારી પાશે કાઈ નથી (પ્રસીધ.)
ઓ સ્ત્રી તારા જેવુ ઠગારૂ માણુસ મેં જોયુજ નથી તુ
કહે છે કે મારી પાશે કાઇ નથી ને ગલામાતો હીરાનો
જડાઉ હાર પેરીઓ છે તે હું દેખતો નથી આ ધારો ન
થી વેચ એ હાર ને કાતો કોઇને ત્યા મુકીને હમારો ક
ર આપ.

તારામતી—આ સ્યો ચમતકાર કે મારો મગલ દોરો
આમે તરે દીઠો શુ એટલી બધી હું ધરમ હીણ થઇ ગ
ઈ સીવનો મગલ દોરો તે આ મેં તરે દીઠો જેને ત્રસ
કુના પુત્ર હરીસચંદ્ર વીના કોઇએ દીઠો નથી તે આજે
અ ધર્મની આખે દેખવાથી અપવીત્ર થયો આ હા હુ દે
સમાથી દેસવટો લઇનેનીકલી મારા પ્રાણનાથથી વીખુટી પ
ડી મારો એકનો એક છોકરો પણ મરણ પામીયો એ

દેવતાઓ કાસીના આધલા દેવતાઓ આ વખતે હું ઉઘા ડી પડી તેમને દુખ થાઅકેતેનો છેડો લાવાને મારાજીવત રનો છેડો લાવો.

હરીસચંદ્ર—(પાસે જઇને) કોણ અભાગીઆ હરીસચ દ્રની સ્ત્રી અને આ છોકરો.

તારામતી—હા એજ.

હરીસંચદ્ર—ઓ મારી પ્રીયા આ શુ કેવાય અરે અરે આ શો ગજબ આપણા રોહીતનુ એકા એક મરણુ આ વીયુ એ પણ આપણને છોડીને ગયુ અરરર એને સો અ પરાધ કરીઓ હસે એ. દયા વીનાના સાપ તે નીર અપ રાધી બાલકનો જીવ સા માતે લીધો.

(છોકરાને ખોલામા લઇને.)

ગાયન.

લલીત.

પ્રીએ પુત્ર અરે છોડી જનએ તું. પ્રીત તુજને નહીરે હતુ આ સર્થીતીમા દાઝના ધરી. અવનીમા અરે દુખીયો કરી
વીસ્વામીત્રનો કોપરે થયો. બલી દાનમા તુજને લહયો
ધીરજ ના રહે છાતીમા જરી, યવની મા અરે દુખી
યો કરી
પુત્ર તુજ વીના કેમરે રહુ. દુખમા અરે દુખ કેમરે શાહુ

નજી ગયો પીતા માતતા હરી. અવનીમા અરે દુખીયોકરી

તારામતી-ગ્યો વનમા દુખનો ભરો, અરર પાછો આ
વી ના મલો

હરીસચંદ્ર-મુખ તારૂરે જોવા આસરે કરી. અવનીમા
અરે દુખીયો કરી

પુત્ર આ દુખ શેવાતુ નથી. મુખમા હરે શુ કહુરે કથી
આસ મલવાની ના રહી ફરી. અવનીમા અરે દુખીયે.
કરી

અરર દીલમા આગરે બલે. અરર આખથી આ શુરે ખરે
થરર થાય છે કાઆમા હરી. અવનીમ અરે દુખીયો કરી

તારામતી-એકતો તમે આગમા બલતા હતા તેમા વ
લીહુથી ઓમવાને આવી મારા વાલા તમે દુખી ના થાવો
દુખમા ધીરજ રાખવી પણ આ છોકરાને અગની સંસ
કાર કરો.

હરીસચંદ્ર-તું મારી સ્રી એ વાત પણ ખરી અને
આ મારો પુત્ર એ વાત પણ ખરી પણ મારા ધણી કા
લશેનનો હું શેવક છું માટે મારાથી ડગો દેવાય નહી અ
ને હું દીયુ પણ નહી જયા શુધી એનો કર આપવામા
આવે નહી ત્યા શુધી મારાથી આ મસાણમા મુરદુ બા
લવા દેવાય નહી માટે તું જા અને અગનીસેનને સમજા
વીને કર આપવાને લઇ આવ.

તારામતી-મરી ગયેલા છોકરાની શોધ કરવા જાવા ?

તો નહી હતો તે કર કેમ આપશે પણ મારે તમારી આ

ગ્ના માનવી જોઇએ હું મુરકુ તમારા સવાધીનમા કરીને

જાઉછું. (જાએછે.)

અંક ચોથો પ્રવેસ ચોથો.

સ્થલ કાસી રાજાની દરબાર.

રાજા–પ્રધાન રાજ્ય કુમારનો કશોપતો હજી મલીઓ નથી મેહેતો એ વાસ્યા પાપ કરીયા હશે કે આવા ઘા તકીપણુને હું પાત્ર થયો અરે ઓ પ્રભુ આવો કેમ મારા કુટંબ ઉપર કોપાયમાન થવા માંડીયો હુએવો અધરમી થઇ ગ્યોતારે આ મારી સતા સ્યા કામની એટલી બધી ચોકી છતામારા મેહેલમા આવી ચોર કુવરનુ હરણ કરી જાય ત્યારેહું મારા ચોકી વાલાનો સ્યો ભરોશો રાખુ પ્રમેશ્વર વીના મારૂ દુખ કોણુની વારણુ કરીસકે.

(તારામતી સહીત નાએક પ્રવેસ કરેછે.)

નાએક.

ગાયન.

(ઓખા હરણની)એ રા.

માહારાજ શીધ થયું સઉ કામ, ચોર મલીઓ કુમારનો
આ ઠામ
સ્ત્રી આ છે હરણ કરનાર, પકડી લાવીયો છું આ વાર
હાથમાં કુમાર લઇ ઉભી હતી, તયાથી પકડી જઇઓ ચીતી
ઝાલતા પેલા કરૂ દુશટ કામ, ફાશોનાખી બેઠી તે એ ઠામ
તેથી મરણ પામેલો બાલાં લાવીઓ છું હું તંતકાલ
જે ધ્યાન પોહોચે આજ, સીક્ષા કરો તમે માહારાજ.

રાજા–શુ આવા સુદર દેખાવની સ્ત્રીએ મારા કુમારનો ઘાત કીધો.

નાએક–હા માહારાજ.

રાજા–બોલ એ સ્ત્રી મેં તારૂ શુ બીગાડયુ હતુ કે તે મારા બાલકનો ઘાત કરીયો.

તારામતી–(ગભરાટમા) માહારાજ હું પીસાચાણી છુ મને તારા કુમારનુ લોહી પીવાની ઇછા થઇ તેથી મેં મારી નાખીયો.

રાજા–(મન સાથે) મારા છોકરાનું મરણ થયુ તેનો ખેદ થાઅ છે પણ આ સ્ત્રી એ ખુન કીધુ હોય એ મારા ધારવામા આવતુ નથી માટે તેની પાકી ચોકીસ કરવી જો

એ (તારામતીને) બોલ એ સ્ત્રી તું ઘાત કરનાર હોય એમ મારા ધ્યાનમા ઉતરતુ નથી માટે તું વગર ધાસતી થી જેવુ હોય તેવુ કેહેકે આ કુમારનુ ખુન કોણે કરીયુ.

તારામતી-(બે ભાનમા) રાજા તારા પુત્રને મે મારીયો માટે જોએ તે મને શીક્ષા કર.

રાજા-આ સ્ત્રી અપરાદી હોઅ એમા મુને સક રહે છે (પ્રધાન) પ્રધાનજી આ સ્ત્રી યે મારા કુમારને મારીયો એમા મુને સક રહેછે તેથીઆ અબલાનો જીવ બીન સવાર થ લેવો એમા આપણુ શુ ભલુ થશે.

ચોકીવારા-માહારાજ તમને હમારા બોલવા ઉપર ભરેશો ન હોયતો તમે પ્રધાન ને મોકલીને તેની સોધ કરવો એટલે તમારી ખાતરી થશે.

રાજા-પ્રધાન તમે જાવોને તેની પાકી તલાશ કરી આવો કે આ સ્ત્રી હત્યાની કરવા વારી છે તે બરાબર તપસ કરજો. (પ્રધાન જાએછે તે પાછો આવીને.)

પ્રધાન-માહારાજ રાજ કુમારનો ઘાત કરનાર એ સ્ત્રી છે એ વીશે મે મારી ખાતરી પુરવક તપાસ કરીછે

રાજા-[મન સાથે.) આ સરવે કહેછે કે તેને ખુન કરીયુ પણ મારા ધ્યાનમા એ નીરદોસ છે એવુ લાગે છે (પ્રસીધ) એ સ્ત્રી ખરૂ કહે જરાય ગભરાઇસ નહીવે આ તારો ઇનસાફ હું તારી જબાન ઉપર આપીશ ટે બોલ કે આ રાજય કુમારનુ ખુન કોને કરીયુ.

તારામતી-(ગલછામા) હું પ્રતી આગના પુરવક કહુ છું કે આ કુમારનુ ખુન મેં કરીયું છે માટે તું મને શીક્ષા કર.

રાજા-અરે પ્રમેશ્વર હું ખરાં સપાટે આવયો છું કે આ નીરદોશ છતા પોતાને મોઢે થી ખુન સાબુત કરે છે હવે મારો કશો ઉપાય રહો નથી મારો રાજયનો ધરમ છે તે મારે નીર ઉપાયથી બજાવો જોએ છે પ્રતીહાર કાલશેનને બોલાવી લાવ. (કાલશેન આવે છે.)
કાલશેન આ સ્ત્રીને લઇ જા તેને સમશાનમા લઇ જઇને તેનુ માથુ ધડથી જુદુ કર.

કાલશેન-હાય કે બાપજી તમારા હુકમ પ્રમાણે આ હે હો

(લઇ જાઅ છે.)

અંક ચોથો પ્રવેસ પાચમો.

સ્થલ સમસાણ.

કાલશેન-એલા હરીઆ રાજાના છોકરાને આને મારી નાખીયો છે યેથી તેને મારી નાખવાનો હુકમ કરીયો છે તેથી આને તારી તરવાર કાઢીને માર કે તેનુ ડોકુ ઉડી જાય.

હરીસચંદ્ર—બહુ શારૂ હું તમારી આગ્ના માથે ચડા વુ છું મારા અંન દાતા.

(તરવાર કાઢીને તારામતીને મારવા જાય છે.).

તારામતી—(હરીસચંદ્રને જોઇને શુધીમા આવીને.) કોણ માણુપતી દેખીને દાઝવાને આહી પણ તમેંજ છો તમારી ધીરજ જોઇને હું ખુશી થઇ છું તમારી તરવારથી મુને મારવા દીયો તમે પોચુ દીલ કરશો નહી ઉતાવલથી મારૂ કામ પુરણ કરો.

હરીસચંદ્ર—પ્રીરીઆ તારે માટે આ દુનીઆમા રેવાના દીવશ પુરણ થયા છે તારા જીવતરનો હવે છેલો અંત આવીયો છે ઉગરવાની કસી આશા રહી નથી મને શોપેલુ કામ મારે હમણા પુરણ કરવુ પડશે થોડી વારની હું તને છુટ આપુછું તેટલામા ઇસ્વર સમણ કરી લે.

(વીસવા મીત્ર પ્રવેસ કરે છે.)

વીસવામીત્ર—હરીસચંદ્ર હરીસચંદ્ર તું આ બીચારી ગરીબ અબલાનો ઘાત કરે છે અરે ઘાતકી માણુસ જવા દે ને બીચારીને છોડી દે ને એક જરા જુઠુ બોલી દે ને પછીથા જો તું મારો સપાટો કે તુને આગલી સીથીતીએ કેવો લાવી મુકુ છું.

હરીસચંદ્ર—હું તમને કરગરીને કહુંછું કે મુને અવરમને સતે મડવાનુ બધ રાખો હું કોઇ કાલે પણ ધર્મ છોડનાર નથી તમે જોઇએતો ઇન્દ્રનુ ઇન્દ્રાસન આપો પણ કે જુઠુ બોલવાનો નથી. આવી આવી અ પવીત્ર જગ

માં આવીને તમારા ચરણને અપવીત્ર કરશો નહી હું તમ
રા કોપની કશી દરકાર કરતો નથી તમારી કીપા મારે જો
ઇતી નથી જાવો તમે તમારે રસતે.

વીસવામીત્ર—(મન સાથે) આ માણુસને એટલુ એટલુ દુખ છતા પણુ માનતો નથી ને પોતાની ધડતા છોડતો નથી જોઇ લેએ પણ એનુ ફલ હવે શુ થશે મુને ધાસતી લાગેછે કે હુ ધરમ હીન થઇ ગયો કે મારો કોપ તેને અસર કરી શકયો નહી. પણ ઠીક એની પછીથી વાત.

હરીસચંદ્ર—પ્રીયા મારા પ્રાણુ કરતા વાલી પ્રીયા તું તારૂ કોમલ મસતક આ પુરૂથવી ઉપર શુરીઅભણી મુખ કરી ગોઠવ મારા પ્રાણુ કરતા વાલી તું ધડતા રાખી શુખી થાજે આપણા પ્રાણુનો હવે છેલો અત આવગો છે અને તેની સાથે આપણા દુખનો પણ અત આવી જસે અને આહી આપણા શુખ અરે આપણુ મોતનો છેલો અત આવી જશે મારી વાલી મારા જીવ કરતા વાલી આ મારા હથથી આ તલવાર તેનુ કામ પુરણુ કરશે જેવી રીતે તારૂ કામ પુરણુ કરીને તારા ઠડા લોહી વાલી મારા ઉકલતા લોહીને સાનતીપ માડશે જેવી રીતે આ ચદ્રમા આ થમી જાયછે પછે જે અધારૂ થઇ જાય છે તેવીજ રીતથી તું પણુ છપી જાઇસ પેલેથી પુત્ર પછીથી પ્રીયા પછીથી હું પાપી પોતે હવે આ વખતે હવે આપણે પાતલુ દીલ નકરવુ જોઇએ એ કદમ મરી પડવુ જોઇએ એક રૂશીના બલીદાનમા આપણા પાપનુ ફલ ભોગવુ જો

ઇયે અરે સરવે દુનીઆ ઉધી વલો માણુશો સરવે મરો દેવતાવોનો અત આવો આકાસમા તારા આથમી જાવ શુ યચંદ્રજા ખાઆકથાવ માહાસાગર શુકાઇજાવ પ્રવતો અને દુગરો જમીન દુરસ થાવ લડાઇજુ સાભરેલી ચાલો લોહીની નદી ચાલો મારા જેવા લાખોને કરોડો સત્યને માટે મારા જાવ પણ સત્ય વરતવાદીએ સત્યતા રાખવાને મારા પ્રભુ જતા હાથધડથાવ મારી પ્રાણ પ્રીયા તારા તારી ધરમ દેવ ના ધરમાતું પ્રવેસ કર.

ગાયત.

(હમતો સીરીકે હોયગે દીવાને)એ રા.

જે લખ્યું આ નશીએ થાવું, નહી પ્રીયા તેથી ગભરાવુ
દુખી આ દીલના થાવુ, રૂષિના કોપથી ધ્રુજુ
ધરમથી વાલુસું છે, તે નથી બીજુ જાણતો બીજુ
ફકત વિશ્વ મા જનમી, પ્રણામ જે આ હાલે
પડે મરવું પેલે જનમનુ દુખ, વેઠી વીના કાલે
ખુશી થઇને, હવે મરી જવુ —નહીં
સકંટ પડયું આ જન્માં, નીદેષિવા કવીના વળી
દગો તે રોહીત દીધો, મુવો મા બાપને મેલી
છે વટ હવે આ વીસવમા, મુજ હાલ તુજ સાથસે
આએ તલવારથી મારો નાસ, પલમા થઇ જશે
થસે બધ આખથી જોવું —નહીં

કદી નહી બોલુ જુઠુ, જગતમા રેવાને
થસે પળમા મરણ, દેશે જીવ દેવાને
લપટાઇને માયામા, નીચ કરમ ચાલવાને
તે પણ દુખી દુખી થઇ, મરણ પામે દુખ જોવાને
દુખી થઇ ત્યા સપડાવુ —નહી
જાણે પાપ મુજથીકે પ્રીયાથી મારી
ક્ષમા નિરદોસને કરજે, વીનતી કરૂ ઇસ તારી
પ્રીયા મુજ હાથથી મરશે, એજ તલવારથી મોત મુજથશે
કહે જમનાદાસ, હવે જીવીને શુ કરવુ
તજી દેવું પીવુંને ખાવું —નહી
[એકદમ જોરથી તલવાર મારવા જાએછે ને સીવજી મવેસ કરેછે.)

સીવજી

ગાયન.

કારવો.

ધીરજ ધર ધીરજ ધર. હરીસચંદ્ર રાજ
વીધન કરી રી સ નીહી, ધર ધીરજ આજ
આવોછુ સત્યતા કરવારે આજ —ધીર
કરવા આવોછુ હુ તારૂરે કાજ
તારી સત્યતા છે. વીસ્વમા પ્રખ્યાત
કરીસ નહી તુરે, અનીરે ધતે —ધીર

હરીસચંદ્ર સબુર સબુર (હાથ પકડી લીએછે.)

હરીસચંદ્ર-તું કોણજે તારે મારો હાથ શુ કરવાને પકડવો પડે છે.

સીવજી—હરીસચંદ્ર તારી સત્યતા જોવાને મેં તારી પ રીક્ષા જોઇ એવો હું સીવ હવે તું માગ માગ હું તુને તુસટમાનછુ.

હરીસચંદ્ર—માહારાજ મારે કાઇ જોઇતુ નથી પણ આ મારા જેવુ સંકટ કોઇને પણ આવે નહી એવુ કરો.

સીવજી—જો જે કોઇ તારી પવીત્ર કથા સાભલસે તેને કોઇ દીવસ પીડા નહી થાય જા તારૂ રાજય તું કર.

ધરમ—હરીસચંદ્ર તું એમ ધારીસમા કે હું એક ચડા લને ઘેર દાસ પદવી ભોગવી છે હું ધરમ રાજા તારે મા ટે કાલસેનનું રૂપ ધરીને રહી ઓહતો તે તું જો

(ધરણુ કરેછે.)

અગનીસેન—તારામતી તું એમ સમજીસમાકે એ બ્રામ ણને ત્યા ઘરદાસ પદવી ભોગવી છે પણ હું અગની દેવ છું તે તારી પરીક્ષમા માટે બ્રામણાનો વેસધરીને રયો હતો

સીવજી—આ રોહીતાસ્વર વીસવામીત્રના કોપનુ બલીદાન થઓ છે તે સજીવન થા.

(હાથ જાલીને બેઠો કરેછે.)

આ કાષીના રાજાનો કુમાર મારવાનું બાનુ તારા મતી ઉપર ચાલયુ હતુ તે પણ સજીવન થાવ.

(હાથ પકડીને ઉઠાડેછે.)

વીસવામીત્ર—હરીસચંદ્ર તારો જેવો સત્યવાદી થઓ નથા ને કોઇ થસે નહી જાવો શુખેથી રાજય કરો ને શુ ખ ભોગવો એવો મારો આસીરવાદછે.

સરવેમલી

ગાયન.

ઇશ્વર કરે છે મેહેર, સજનો પુરણ થયો આ ખેલ
સતી તારામતી, એ શતય રાખ્યુ
પ્રતી પારી, પતીની કાઢી પહેલ —સજ
સત્ય રાખ્યું, હરીસચંદ્ર રાએ
કીધી ઇશ્વરે મેહેર —સજ
માટે જે કોઇ સતય રાખસે
તેને પ્રભુ કરસે લેહેર —સજ
પ્રણામ કરેછે હીદુગ્નાન સુબોધક
રચે જમનાદાસ ખેલ —સજ
પ્રભુજી દયા ધરજો મુજ ઉપર
રચુછુ આ ખેલ. —સજ

સમાસ.